॥ શ્રી વલ્લભ ॥

પાઠપોથી.

વૈષ્ણવોના નિત્ય નિયમનું અમૂલ્ય પુસ્તક.



રચી પ્રસિદ્ધ કરનાર

વૈષ્ણવ દામોદર રૈવાદાસ

વ્યવસ્થાપક વૈષ્ણવધર્મપ્રકાશ.

પુનાદરા.



સંવત ૧૯૬૫ સને ૧૯૦૯






અમદાવાદ

મણીલાલ ઉગરચંદે પોતાના શ્રી લક્ષ્મી
પ્રિન્ટિંગ પ્રેસમાં છાપ્યું.



અમૂલ્ય.



અર્પણ પત્રિકા.

આચાર્ય તીલક ચતુરશીરોમણી શ્રીમદ્ વલ્લભાચાર્ય કુલમણિ પુજ્યપાદ ગોસ્વામી મહારાજશ્રી ૧૦૮

શ્રી બાળકૃષ્ણલાલજી મહારાજ
કાંકરોલી.

આપ કૃપાસિંધુ પુષ્ટિ માર્ગની ઉન્નતિ માટે તન, મન અને ધનથી જે અથાગ શ્રમ લ્યોછો તથા સેવકોનું કલ્યાણ થાય તેવા ઉપાયો યોજવાની જે પરોપકારી લાગણીઓ ધરાવી સેવકોનો પ્યાર સંપાદાન કર્યો છે. જેના પ્રતાપે ભાવિક વૈષ્ણવોનાં દુઃખો દુર થયાં છે તથા થાય છે. ઇત્યાદી અગણીત ગુણોથી સાનંદાશ્ચર્ય પામી પાઠપોથી નામનું વૈષ્ણવોના નિત્ય નિયમનું પુસ્તક આપશ્રીની પ્રથમથી આજ્ઞા લઇ આપશ્રીને સવિનય અર્પણ કરૂંછું,

ચરણરજ દાસાનુંદાસ
શેવક.
દામોદર રેવાદાસ.
વ્યવસ્થાપક વૈષ્ણવધર્મપ્રકાશ.

પ્રસ્તાવના.

વર્તમાન સમયમાં વર્તમાન પત્રો તથા માસિક પત્રો અને સ્વતંત્ર પુસ્તકો દ્વારા ધર્મ સંબંધી ધાર્મિક માહીતી પ્રથમ કરતાં વિશેષ મળે છે તોપણ બીજાં અનેક સુખો કરતાં મુક્તિ મેળવવાનું સાધન મળે તો ઉત્તમ સુખ કહેવાય.

દરેક વૈષ્ણવોને સદા સર્વદા શ્રી મહાપ્રભુજીની આજ્ઞાનુંસારે બની શકે તે તે પાઠો કરવા જોઇએ પરંતુ તે પાઠો સંસ્કૃત ભાષામાં હોવાથી તથા તે ભાષા જાણવાનું જ્ઞાન સઘળાઓને નહિ હોવાથી સઘળાઓને એ પાઠ કરવાનો લાભ મળતો નથી એટલુંજ નહિં પણ જેઓને એ ભાષાનું થોડું ઘણું જ્ઞાન છે તથા વાંચી શકે છે તેઓ તેનો અર્થ કરી શકતા નથી અને અર્થ જાણ્યા વગરનો પાઠ કરવો એ ગીતાના બદલે ઘેટું લાવવા બરાબર છે તેથી સુદ્ધ ગુજરાતી લીપીમાં સંસ્કૃત પાઠો લખી તેનો સુદ્ધ ગુજરાતીમાં અર્થ આપવા વૈષ્ણવોને દરરોજ શ્રવણ તથા મનન કરવા જોગ પુસ્તક તૈયાર કરવા કેટલાક વૈષ્ણવો તરફથી સૂચના થવાથી તે સૂચનાને માન આપી સર્વ નાના મોટા

બાળકો તથા સ્ત્રીઓ અને સઘળા પુરૂષો સહેલા-
ઇથી વાંચી શકે તથા તેનો અર્થ સમજી શકે
એવું આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે અને
જેના આશ્રયથી વૈષ્ણવધર્મ પ્રકાશ નામનું માસિક
પત્ર નીકળે છે તે અખંડ ભૂમંડલાચાર્ય શુદ્ધાદ્વૈત
મૈત્ર માર્તંડ ગોસ્વામી શ્રીમદ્ બાળકૃષ્ણલાલજી
મહારાજને મારાપરત્વેની જાતની કૃપાના કૃત સતાર્થે
એમની સ્પષ્ટ આજ્ઞાથી આ લઘુગ્રંથ અર્પણ કર-
વામાં આવ્યો છે.

આવાં પુસ્તકો લખવાનો આ અમારો પ્રથમ
પ્રયાસ છે તથા તેને જેમ બને તેમ શુદ્ધ સરળ
ભાષામાં લખવા બનતી તજવીજ કરવામાં આવી
છે તોપણ જેમ મનુષ્ય માત્ર દોષને પાત્ર છે તેમ
આ પુસ્તકમાં જાણે અજાણે થઇ ગયેલી ભુલ દ-
ષ્ટિગોચર થાય તો તે તરફ નજર નહિં કરતાં
એનો સાર ગ્રહણ કરવા સર્વેને નમ્ર વિનંતી છે.

ફાલ્ગુન શુકલ પંચમી. સં. ૧૯૬૫ } સેવક. દામોદર રેવાદાસ. વ્યવસ્થાપક વૈષ્ણવ ધર્મપ્રકાશ.

પાઠપોથીની અનુક્રમણિકા.

નિત્ય નિયમનો પાઠ

શ્રીવલ્લભ.

વૈષ્ણવોપયોગી

પાઠપોથી.

(નિત્યનિયમ).

મંગળાચરણ.

શ્રી કૃષ્ણશરણં મમઃ ॥

શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

શ્રી ગુસાંઈજી પરમ દયાલવે નમઃ ॥

ચિંતાસંતાન હંતારો, યત્પાદાંબુજરેણવઃ ।
સ્વીયાનાંતાન્નિજાચાર્યાન્પ્રણમામિ મુહુર્મુહુઃ ॥૧॥

યદનુગ્રહતો જંતુઃ સર્વ દુઃખાતિગો ભવેત્ ॥
તમહં સર્વદા વંદે શ્રીમદ્વલ્લભનંદનં ॥૨॥

નિત્યનિયમ.

આયુષ્યના રક્ષણ અર્થે મનુષ્ય માત્રએ સવારમાં જેટલું જ. લદી ઉઠી શકાય તેટલું ઉઠવું જરૂરનું છે. તેમ કરવાથી શરીરની આ. રોગ્યતામાં વધારો થાય છે એટલુંજ નહિં પણ દિવસના સમયમાં ઘણો અવકાશ મળવાથી પોતાના કામકાજમાં શ્રેય મેળવાય છે. તેમજ ઐહિક તથા વૈદિક કર્મોનો સમસ્ત લાભ પ્રાપ્ત થાય છે.

વહેલા સુવું અને વહેલા ઉઠવું તે માણસને આરોગ્યતા, દ્રવ્ય અને ડહાપણ આપે છે.

ઉઠવાનો સમય.

ઉષઃકાળમાં ઉઠવું ઉત્તમ છે, અરૂણોદય મધ્યમ છે અને પ્રાતઃકાળમાં ઉઠવું એ અધમ છે. એ વખત સાથે ઘડીયાળનો ટાઇમ નીચે પ્રમાણે છે.

ઉષઃકાળ સવારના ચાર વાગે.

અરૂણોદય સવારના પોણા પાંચ વાગે.

પ્રાતઃકાળ સવારના સવા પાંચ વાગે.

ઉપર પ્રમાણે ત્રણ પ્રકારના સમયમાં જેમ બને તેમ વેળાસર ઉઠવાની ટેવ દરેક મનુષ્યે રાખવી જોઇએ. ઉઠીને પ્રથમ માળા તથા હસ્તનાં અને અધિકાર પ્રમાણે લીધેલા ઉપવીતને સંભાળી તેનાં દર્શન કરવાં. હસ્તના અગ્રભાગને વિષે લક્ષ્મીનું, હસ્તના મુળમાં સર-

૨ તીનું અને હસ્ત મધ્યે ગોવિંદનું સ્થાન છે માટે ઉઠીને પરબ્રહ્મ એ-
ટલે શ્રીકૃષ્ણચંદ્રનું પોતાના હૃદયમાં પરિચિંતન કરવું. ત્યાર પછી
ભગવદ્‌સ્મરણ કરી નીચે પ્રમાણે નામોનો ઉચ્ચાર કરવો.

ત્રણે લોકને વિષે સુંદર શરીરવાળા, સદા વૃંદાવનમાં વિહાર
કરનારા, કમળ જેવાં મનોહર નેત્રવાળા, ભક્તજનરૂપી ચાતકોને વ-
ર્ષાઋતુના મેઘની પેઠે આનંદ આપનારા, રંક જનોની પીડાને હરનારા,
અખંડ ઐશ્વર્યના સ્વામી અને ગોકુલના નાથ એવા શ્રી કૃષ્ણ પર-
માત્માનું પ્રાતઃકાળમાં સ્મરણ કરું છું.

૧ શ્રી ગોવર્ધનનાથજી ૨ શ્રી નવનીતપ્રિયાજી ૩ શ્રી મથુરેશજી
૪ શ્રી વિઠ્ઠલનાથજી ૫ શ્રી દ્વારકાનાથજી ૬ શ્રી ગોકુલનાથજી ૭ શ્રી
ગોકુળચંદ્રમાજી ૮ શ્રી મદનમોહનજી ૯ શ્રી બળદેવજી ૧૦ શ્રી ય-
મુનાજી ૧૧ શ્રી ગિરિરાજજી ૧૨ શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી ૧૩

ગોસ્વામી શ્રી વિઠ્ઠલનાથજી ૧૪ શ્રી ગિરધરજી ૧૫ શ્રી ગોવિંદરાયજી ૧૬ શ્રી બાલકૃષ્ણજી ૧૭ શ્રી ગોકુલનાથજી ૧૮ શ્રી રઘુનાથજી ૧૯ શ્રી યદુનાથજી ૨૦ શ્રી ઘનશ્યામજી તથા ૨૧ પોતાના ગુરૂદેવ. એ રિતે એકવીશ નામોનો ધ્યાનપૂર્વક ઉચ્ચાર કરવો.

શૌચ.

સવારમાં મલ, વાયુ તથા મૂત્ર આદિનું વિસર્જન કરવાથી આયુષ્યની વૃદ્ધિ થાય છે તથા આંતરડામાં થતો ધડધડાટ, આફરો તથા પેટનું ભારેપણું મટી સુખ ઉપજે છે. મલ-મૂત્રના વેગને બળાત્કારે અટકાવવાથી શરીરમાં નાના પ્રકારના રોગોની ઉત્પત્તિ થવાનો સંભવ રહે છે. વળી કામ, ક્રોધ, ભય અને શોક જેવા મનના વેગોને અટકાવવા પણ મલ-મૂત્ર આદિ શરીરના વેગોને અટકાવવા

નહિં. ગુદા આદિ જે મલ–મુત્ર વગેરેના માર્ગો છે તેઓને સાફ રાખવાથી કાંતિ તથા બળ વધે છે, પવિત્રતા થાય છે, પરિશ્રમ મટે છે, પુષ્ટિ મળે છે, નેત્રો સારાં રહે છે અને રજોગુણના વેગ મટી જાય છે.

શૌચને માટે જળનું મોટું પાત્ર ભરીને યથાવકાશ ઘરથી અથવા ગામથી દૂર નૈરૃત્ય દિશામાં શૌચ કરવા જવું. દેવભૂમિ, નદી, તળાવ, રાજમાર્ગ વગેરે સાર્વજનિક ઉપયોગના સ્થાનમાં કદી પણ બેસવું નહિં. શૌચ કરવા બેસતાં પહેલાં વસ્ત્રથી મોં, નાક તથા માથાને વીંટવું. ઉપવિત જમણા કાને ચઢાવવું ખુલ્લી ભૂમિપર શૌચ કરવા બેસતાં પહેલાં ભૂમિને ઘાસથી ઢાંકવી. દિવસે ઉત્તરમુખે અને રાત્રિએ દક્ષિણમુખે બેસવું. સૂર્યસન્મુખ પુંઠ કરીને કોઈ કાળે પણ બેસવું નહિં. શૌચ કરતાં બોલવું નહિં અને થુંકવું નહિં. શૌચ કર્યા પછી મૂત્રઇંદ્રિયને એક વાર, ગુદાને પાંચ વાર, ડાબા હાથને દશ

વાર તથા ફરી બેઉ હાથ ભેગા કરીને સાત વાર માટીમિશ્રિત જળથી ધોવા. પછી એકેક પગને પણ ત્રણ ત્રણ વખત માટી તથા જળથી ધોવા. તે પછી કોગળા કરવા તેની રીતઃ-પિશાબ કરીને ચાર, શૌચ કરીને આઠ, જમ્યા પછી બાર અને વિષયના અંતમાં સોળ કોગળા કરવાથી શુદ્ધ થવાય છે.

દંતધાવન.

કાંટાવંળું તથા જે ઝાડનું દૂધ ઝરતું હોય તે ઝાડનું બાર આંગળ લાંબુ અને ટચલી આંગળીની અણી જેટલું જાડું દાતણ લઇ તેના પૂર્વભાગનો કૂચો કરી તેવડે દાંત સાફ કરવા તથા ચીરોવડે જીભની ઓગ ઉતારવી.

સમય દોષ અને પ્રકૃતિનો વિચાર કરીને યોગ્ય રસ તથા યોગ્ય

શક્તિવાળા ઝાડના લાકડાનું દાતણ કરવું. અને દાંત સાફ કરવાં. આવી રીતે દાતણ કરવાથી મોઢું બગડી ગયું હોય તે સુધરે છે દાંત, જીભ તથા મુખમાં રોગો થતા બંધ થાય છે.

દાતણ કરવામાં મુખ્યત્વે કરીને મધુરમાં મહુડો, તીખામાં કરંજ, કડવામાં લીંબડો અને તુરામાં ખેર શ્રેષ્ટ છે. એટલુંજ નહિં પણ બાવળ અથવા બોરડી વગેરે પણ ઉપયોગમાં લેવાય છે. પરંતુ એટલું યાદ રાખવાનું છે કે વ્રતને દિવસે કાષ્ટનું દાતણ કરવાનું નથી પણ સારી રાખથી દાંત ઘસીને મોં સાફ કરવું.

સ્નાન.

શરીરની શુદ્ધિને માટે સ્નાન કરવું અતિ આવશ્યક છે. સારી રીતે શરીરને ચોળી સ્નાન કરવાથીજ આરોગ્યતા રહે છે. શરીરને

સુખાકારીમાં રાખવા માટે સ્નાન અતિ ઉપયોગી છે. ભાવપ્રકાશમાં કહ્યું છે કે:—નહાવાથી અગ્નિ દીપ્ત થાય છે; શક્તિ વધે છે, આયુષ્ય વધે છે, ઉત્સાહ તથા બળની પ્રાપ્તિ થાય છે, ચળ મટે છે અને પરિશ્રમ, પરસેવો, આલસ્ય, તરસ, બળતરા તથા પાપ દૂર થાય છે.

નહાતી વખતે પ્રથમ આંખે જળ લગાડી ચોટલીની ગાંઠ વાળી પ્રાણાયામ કરવો પછી ત્રણ વાર સ્નાન કરવું. નહાતી વખતે પગના જળનો તથા એંઠા જળના છાંટાનો બચાવ રાખવો. બોલવું નહિ. નહાયા પછી પ્રથમ રૂમાલથી મોઢું લૂછવું, પછી આખું શરીર લૂછવું, પછી ધોએલાં શુદ્ધ વસ્ત્ર પહેરવાં, તથા ઓઢવાં. પછી આસનઉપર બેસી દેહની શુદ્ધિ માટે ભગવાનનું ચરણામૃત મુખમાં લેવું, પછી આંખે તથા કપાળે લગાડવું તે પછી શુદ્ધ જળથી આચમન કરી ચોટલીની ગાંઠ બાંધવી.

તિલક.

પવિત્ર સ્થાન ઉપર દર્ભાસન, બનાત, મખમલ કે ઉનની ધાબળીનું આસન પાથરી, તે ઉપર અથવા સારા પાટલાઉપર વસ્ત્ર પાથરી બેસવું. પછી ચરણામૃત લઇને કેસર, કંકુ, ચંદન અથવા ગોપીચંદન એમાંથી ગમે તે લઇ તિલક કરવું. સ્કંધપુરાણના માર્ગશીર્ષ મહાત્મ્યમાં તિલક વિશે કહ્યું છે કેઃ—વૈષ્ણવોએ ભાવપૂર્વક ઉર્ધ્વપુંડ્ર તિલક કરવું જોઇએ. તત્વદીપ નિબંધમાં કહ્યું છે કેઃ—લલાટમાં ડંડાકૃતિ એટલે ભગવાનના ચરણના આકારનું તિલક કરવું, વક્ષસ્થળ એટલે હૃદયમાં ખીલેલા કમળના આકારનું, બે બાહુપર વાંસના પત્રના આકારનું, અને બાકીના ઠેકાણાઓમાં દીવાની જ્યોતિના આકારનાં તિલક કરવાં. આ તિલકો કરતી વખતે નીચેના નામોનો ઉચ્ચાર કરવો.

૧ લલાટમાં કેશવાયનમઃ	૭ જમણા કાનના મુળે ત્રિવિક્રમાયનમઃ
૨ ડુંટીપર નારાયણાયનમઃ	૮ ડાબી કેડે કરતાં વામનાયનમઃ
૩ હૃદયમાં માધવાયનમઃ	૯ ડાબે હાથે કરતાં શ્રીધરાયનમઃ
૪ કંઠમાં ગોવિંદાયનમઃ	૧૦ ડાબાકાનના મુળે કરતાં ઋષિકેશાયનમઃ
૫ જમણી કેડે વિષ્ણુવેનમઃ	૧૧ પુંઠે કરતાં પદ્મનાભાયનમઃ
૬ જમણે હાથે મધુસૂદનાયનમઃ	૧૨ બોચીયે કરતાં દામોદરાયનમ;

એ પ્રમાણે બાર ઠેકાણે ભગવાનનાં દ્વાદશ નામ લઇ તિલક કરવાં. બાકી રહેલા કુંકુમને ધોઇને તે જળ વાસુદેવાયનમઃ એ મંત્ર ભણી માથે ચઢાવવું. બ્રાહ્મણોએ તો ૐકાર (પ્રણવમંત્ર) પૂર્વક ઉપર લખેલાં નામો ભણી તિલક કરવાં એમ ઉપનિષદમાં કહ્યું છે.

મુદ્રા.

તિલક કર્યા પછી શ્રી ગોપીચંદનની શરીરપર મુદ્રા ધારણ કરવી; ભગવદ્સેવા કરનાર વૈષ્ણવોને મુદ્રા કરવી અતિ જરૂરની છે. બ્રાહ્મણોએ તથા વૈષ્ણવોએ વિશેષે કરી ઉપવીતની પેઠે નિત્ય શંખ, ચક્રાદિ ધારણ કરવાં તે ન ધારણ કરે તો દોષ લાગે છે. બ્રહ્મનારદીય પુરાણમાં કહ્યું છે કેઃ—ગોપીચંદનની શંખ ચક્રાદિક મુદ્રાથી રહિત થઇ જે ભગવાનનું પૂજન કરે છે તેનું પુજન નિરર્થક થાય છે. અને શ્રી હરિ પણ તેના ઉપર પ્રસન્ન થતા નથી.

મુદ્રા ધારણ કરવાનો ક્રમ નીચે પ્રમાણે છે.

સ્થળ	નામ	સંખ્યા
૧ જમણા બાહુના ખભાથી નીચલા ભાગમાં	ચક્ર	૪

૨ તેની નીચે	નામમુદ્રા	૧
૩ તેની નીચે	શંખ	૧
૪ તેની નીચે	નામમુદ્રા	૧
૫ તેની આજુબાજુમાં બબે મળીને	પદ્મ	૪
૬ જમણા સ્તન ઉપર વચમાં માર્ગ રાખી ઉપરાઉપરી	ચક્ર	૩
૭ તેની વચ્ચે	શંખ	૨
૮ તેની આજુબાજુમાં	પદ્મ	૪
૯ હૃદયમાં	નામમુદ્રા	૧
૧૦ હૃદયની ચારે બાજુએ	નામમુદ્રા	૪
૧૧ લલાટમાં ભ્રકુટિ પાસે તિલકની વચ્ચે	ગદા વા પદ્મ	૧
૧૨ તેની ઉપર માથાના વાળ સુધી	નામમુદ્રા	૪

૧૩ ડાબા બાહુના મૂળમાં અર્થાત્ ખભાથી જરા નીચે	શંખ	૪
૧૪ તેની નીચે	નામમુદ્રા	૧
૧૫ તેની નીચે	ચક્ર	૧
૧૬ તેની નીચે	નામમુદ્રા	૧
૧૭ તેની બન્ને બાજુએ બબ્બે મળીને	ગદા	૪
૧૮ ડાબા સ્તન ઉપર વચમાં માર્ગ રાખી ઉપરાઉપરી	ચક્રો	૩
૧૯ વચમાં રાખેલા માર્ગમાં	શંખ	૨
૨૦ તેની બંને બાજુએ બબ્બે મળીને	ગદા	૪
૨૧ જમણા કાનની નીચેથી કંઠ સુધી વચમાં		૧
માર્ગ રાખીને	ચક્રો	૩

૨૨ કંઠના તિલકની નચે	ચક્ર અથવા શંખ	
૨૩ નાભિ ઉપર	ચક્ર	૧
૨૪ જમણી તથા ડાબી બંને કેડો ઉપર એકેક	ચક્ર	૨
૨૫ પીઠ ઉપર તથા કાંધ ઉપર એકેક મળી	ચક્ર	૨

ભગવત્સેવા.

વૈષ્ણવોને ભાવપૂર્વક ભગવત્સેવા કરવી એ મુખ્ય ધર્મ છે. હરરોજ ઋતુ અનુસાર પૂર્ણ પ્રીતિપૂર્વક સેવા કરવી. રાજસેવા કરવાની સર્વ પ્રકારે પોતાને અનુકુળ ન હોય તો પોતાના શ્રી ગુરૂદેવના સેવ્ય સ્વરૂપની છબી ઘરમાં પધરાવી તેમની સેવા કરવી. તે સેવાની સરળ રીત નીચે પ્રમાણે છે.

નીચેનો શ્લોક બોલી (પ્રોક્ષણ) થોડું પાણી માથે છાંટવું:—

અપવિત્રઃ પવિત્રોવા
સર્વાવસ્થાં ગતોઽપિવા ॥
યઃસ્મરેત્ પુંડરીકાક્ષં
સબાહ્યાભ્યન્તરઃ શુચિઃ ॥ ૨ ॥

નીચે પ્રમાણે ત્રણવાર બોલી ત્રણ આચમન કરવાં.

*કેશવાયનમઃ
નારાયણાયનમઃ
માધવાયનમઃ

નીચેનો મંત્ર બોલી શીખા બાંધવી.

---

* ઉપનયનાદિ સંસ્કાર પામેલા વૈષ્ણવોએ ૐ શબ્દ જોડી દેવો.

શ્રી ગોવિંદાય વિદ્મહે વાસુદેવાય ધીમહી
તન્નઃ કૃષ્ણઃ પ્રચોદયાત્ ॥

ભગવત્સ્મરણ કરી આસનપર બેસી નીચે લખેલા ગાયત્રી મંત્ર વડે દશ અથવા ત્રણ પ્રાણાયામ કરવાઃ-

હરિઃ કૃષ્ણઃ રામઃ વિષ્ણુઃ નન્દઃ પ્રાણઃ ધ્રુવઃ
શ્રી ગોવિન્દાય વિદ્મહે વાસુદેવાય ધીમહિ
તન્નઃ કૃષ્ણઃ પ્રચોદયાત્ ॥
ગોલત્રે ગોપીજનવલ્લભઃ સ પરમાત્મા ॥

એ પ્રાણાયામ કરવાની રીતઃ—

જમણા હાથનો અંગુઠો તથા છેલ્લી બે આંગળીઓવડે નાક પકડી એક તરફનું છિદ્ર દાબી ઉપર જણાવેલો મંત્ર મનમાં બોલતાં

પુરક એટલે ધીમે ધીમે શ્વાસ ચઢાવી, ફરીવાર તેજ મંત્ર મનમાં બોલાતાં કુંભક એટલે બન્ને છિદ્રો દાબી શ્વાસને રોકી રાખી પછી રેચક એટલે પ્રથમ દાબેલા છિદ્રપરથી આંગળી ઉઠાવી લઇ બીજું છિદ્ર દાબી ઉપરનો મંત્ર મનમાં બોલતાં ધીરે ધીરે શ્વાસ ઉતારવો. આ પ્રમાણે ત્રણવાર, સાતવાર અથવા દશવાર પ્રાણાયામ કરવા.

નીચેનો શ્લોક બોલી સંકલ્પ કરવો એટલે હાથમાં થોડું પાણી રાખી તેને નીચે છોડી દેવું.

> મમોપાત્ત સમસ્ત દુરિત ક્ષયદ્વારા
> શ્રીકૃષ્ણ પ્રિત્યર્થં *પ્રાતઃ કૃષ્ણોપાસન મહં કરિષ્યે ॥

---

* ત્રિકાળ સંધ્યા સમયે નીચે પ્રમાણે શબ્દોચ્ચાર કરવા.

પ્રાતઃકાળે સંધ્યા કરતી વખતે પ્રાતઃ મધ્યાન્હ સમયે મધ્યાન્હ અને સાયંકાળે સાયં એમ કહેવું.

નીચેનો શ્લોક બોલી માર્જન કરવું એટલે માથા પર પાણી છાંટવું:—

સર્વં તિર્થાત્મિકાણાપઃ
પાવન્યઃ પાપ નાશિકાઃ ॥
અભિસંમાર્જનં કુર્વે
ત્રિરાવૃત્યા પુનઃ પુનઃ ॥ ૧ ॥
ભૂમ્યાદિ સર્વ લોકસ્ય
દ્રષ્ટાસાક્ષીહરિઃ સ્મૃતઃ ॥
અભિસંમાર્જનકુર્વે
તદુભ્દૂતાભિરાત્મનઃ ॥ ૨ ॥

હાથમાં થોડું જળ લઇ નીચેનો શ્લોક બોલી તે જળ પીવું:—

મન્યુસંભૂત પાપેભ્યઃ
કૃષ્ણરૂપ દિવાકરઃ ॥
રક્ષતા રાત્રિજં પાપં
રાત્રિસ્ત દવલુંપતુ ॥ ૧ ॥

યત્કિંચ દુરિતં ચારિત ।
હૃદયે અહં કૃષ્ણ તેજસિ ॥ ૫

ડાબા હાથમાં થોડું જળ લઈ નીચે લખેલો મંત્ર બોલી તે જળ સુંઘીને ડાબી તરફ ફેંકી દેવું:—

પવિત્રેણ પૂતાજયં
સ્વિન્નઃ સ્નાતો મલહિત ॥
કૃષ્ણાન્ન યતુકાલિન્દી

જલંશુન્ધતુ મૈનસઃ ॥ ૧ ॥

શ્રીકૃષ્ણશરણં મમઃ એ અષ્ટક્ષર મંત્રથી માળા ફેરવવી. નીચેના મંત્રથી પોતાની ચારે તરફ પ્રદક્ષિણાની પેઠે પાણી છાંટવું:-

અયં કૃષ્ણઃ પરબ્રહ્મ

બની શકે તેટલા પાઠ કરી આગળ બતાવ્યા પ્રમાણે આચમન તથા પ્રાણાયામ કરવા. અને નીચે પ્રમાણે કરન્યાસ તથા અંગન્યાસ તથા પ્રાણાયામ જપ કરવો:-

કરન્યાસ એટલે બંને હાથને મુઠ્ઠી વળ્યા જેવા રાખી નીચે લખેલો પ્રત્યેક મંત્ર બોલતાં જવો અને પ્રથમ અંગુઠો, પછી અંગુઠા પાસેની આંગળી, ત્યાર પછી વચલી આંગળી, પછી ચોથી અને છેવટે છેલ્લી આંગળીને છોડતા જવું તેમજ (કરતલકર પૃષ્ઠમાં

નમઃ) બોલતી વખતે હથેળીઓનાં તળીઆં તથા પૃષ્ટ ભાગ ઉપર હથેળીઓ ફેરવવી.

શ્રી ગોવિન્દાય અંગુષ્ઠાભ્યાં નમઃ ॥
વિદ્મહે તર્જનીભ્યાં નમઃ ॥

વાસુદેવાય મધ્યમાભ્યાં નમઃ ॥
ધીમહિ અનામિકાભ્યાં નમઃ ॥

તન્નકૃષ્ણઃ કનિષ્ઠિકાભ્યાં નમઃ ॥
પ્રચોદયાત્ કરતલકર પૃષ્ટભ્યાં નમઃ ।

અંગન્યાસ એટલે નીચે લખ્યા પ્રમાણે પહેલે મંત્રે છાતી ઉપર, બીજે મંત્રે મસ્તક ઉપર અને ત્રીજે મંત્રે ચોટલીએ હાથ લગાડવો. ચોથે મંત્રે બન્ને ભુજાઓપર અરસપરસ અડાડવી એટલે

જમણો હાથ ડાબી ભુજાપર અને ડાબો હાથ જમણી ભુજાપર એકી વખતે લગાડવો. પાંચમો મંત્ર કહી આંખોને જમણો હાથ લગાડી છઠ્ઠું મંત્રે તાળી પાડી જમણો હાથ માથા પર ચુટડીઓ વગાડતાં ફેરવવો–

શ્રી ગોવિંન્દાય હૃદયાય નમઃ ॥

વિષ્ણવે શિરસે સ્વાહા ॥

વાસુદેવાય શિખાયૈવષટ્ ॥

ધીમહિ કવચાયહુમ ॥

તન્નઃ કૃષ્ણઃ નેત્રત્રયાયવૌષટ્ ॥

પ્રચોદયાત્ અસ્ત્રાયફટ ॥

ભુર્ભુવઃ સ્વરોમ્ ઇતિ દિગબંધઃ ॥

નીચે પ્રમાણે બોલી શ્રીકૃષ્ણ પરમાત્માનું ધ્યાન તથા આવાહન કરવું.

જળથી પૂર્ણ થયેલા મેઘ જેવા શ્યામ વર્ણવાળા, કમળ જેવાં જેમનાં નેત્ર છે એવા, પારિજાતાદિ અનેક સુવાસિક પુષ્પના હારથી સુશોભિત, કિરીટ કટકાદિ આભરણોથી શોભાયમાન, શરદ્ ઋતુના ચંદ્ર જેવા શાન્ત અને આહ્‌લાદક મુખવાળા. મોક્ષ—લક્ષ્મીપ્રદ મુરલીને જેમણે શ્રીહસ્તમાં ધારણ કરી છે એવા, શ્રુતિરૂપિ ગોપીઓથી પરિવિષ્ટ એટલે ઘેરાઇ રહેલા તથા કેશરાદિ પરિમલ મિશ્રિત ચંદનના લેપ કરેલા છે એવા શ્રીકૃષ્ણ પરમાત્માને (મહારા) ત્રિકૂટ સ્થાનરૂપિ હૃદયકમળમાં બિરાજમાન કરી ધ્યાન કરૂં છું.

અષ્ટાક્ષર ગાયત્રિ જપ થઇ રહ્યા પછી નીચે લખેલો શ્લોક બોલી થોડું પાણી નીચે મુકવું.

અને નમના યથાશક્તિ કૃતેન
શ્રીકૃષ્ણ ગાયત્રિ જપેનપરબ્રહ્મ સ્વરૂપી
શ્રી ગોપીજન વલ્લભઃ પ્રીયતાં.

નીચે પ્રમાણે બોલી સમર્પણ કરવું:—

પ્રીણયેદનયા સ્તુત્વા
જગન્નાથો જગન્મયઃ ॥
ધર્માર્થ કામમોક્ષાણા
માસયે પુરુષોત્તમઃ ॥ ૧ ॥

નીચે લખેલાં નામ બોલી ત્રણ આચમન કરવાં.

કેશવાય નમઃ ॥
નારાયણાય નમઃ ॥

માધવાય નમઃ ॥

વર્ણાશ્રમ ધર્માનુસાર સંધ્યા ગાયત્રિ જપ વગેરે જે વૈદિક નિત્ય કર્મ કરવાનાં હોય તે કરવાં પછી શ્રીના દર્શન તથા ચરણ-સ્પર્શ કરી દંડવત પ્રણામ કરવા.

ન અટકાવી શકાય એવા મજબુત કારણથી અથવા શરીર વ્યાધીથી ઉપર લખી રીત ન પળાય તો સંપ્રદાયના ચાલતા સદા-ચાર પ્રમાણે ભગવદ્ પ્રસાદ તથા ભગવદ્ પ્રસાદી તુળસી તથા ભગવદ્ ચરણામૃત ઉપયોગના પદાર્થોમાં મેળવીને તેમાંનો દોષ માત્ર પણ મટાડી પ્રસાદી કરી ઉપયોગમાં લેવા.

ઘરસેવા.

ઘરમાં મંદિર હોય તો તેમાં એક નાનું સિંહાસન ચોકી મંદિ-

રના વેત પ્રમાણે રાખી તે ઉપર રૂએલ ગાદી તકીઆ મુકી તે પર એક મલમલની ચાદર બીછાવવી. મુખ વસ્ત્ર તકીઆ પર ધરી રાખવું. પીઠના તકીઆપર મલમલનું સુંવાળું વસ્ત્ર ઘડી વાળી ધરવું પછી ગાદીપર શ્રી ચિત્રજીને પધરાવવા. વસ્ત્ર ઋતુને અનુસરતાં ધરાવવાં. ગુંજાની માળા ઇત્યાદિ જે શૃંગાર હોય તે ધરવાં શ્રી-મસ્તક ઉપર મોરપીછસહીત પાઘ ધરવી. પછી ફુલની માળા ધરી ચર્ણાર્વિંદમાં તુળસી સમર્પવાં. વેણુજી હોય તે ધરાવવાં. શુદ્ધ પવિત્ર જળ ઝારી ભરવા સારૂ લાવી રાખ્યું હોય તેમાંથી ઝારી ભરી તે પર વસ્ત્ર વીંટી પડધા પર ધરવી. પછી શ્રીને દર્પણ દેખાડવું પછી મેવો તથા મિશ્રિ જે સમયે જે સિદ્ધ હોય તેનો એક કટો-રીમાં ભોગ ધરવો. મંદિરનાં દ્વાર મંગળ કરી બહાર બેસી પ્રાર્થના કરવી કે હે પ્રભુ ! શ્રીમહાપ્રભુજીની કાન્તથી તથા શ્રી ગુરૂદેવની

હાથથી ભોગ આરોગશો. પછી અષ્ટાક્ષર મંત્રની પાંચ માળા તથા પોતાના શ્રીગુરૂદેવના નામની એક માળા આવશ્ય ફેરવવી. શ્રીમદ્ ભાગવત શ્રીમદ્ ભગવદ્ગીતા પુરૂષોત્તમ સહસ્ત્ર તથા ષોડશ ગ્રંથ વગેરે જો વાંચતાં આવડતા હોય તો યથાશક્તિ તેનો પાઠ કરવો. અથ પંચાક્ષર મંત્ર જપ કરવા જેવી અપરસ હોય તો તેનો પણ હરરોજ જપ કરવો જો તેવી અપરસ ઘરમાં નહિં રહેતી હોય તો નદી, તળાવ, વાવ કે જે જળાશય નજીક હોય તેમાં સ્નાન કરી અથ, પંચાક્ષર મંત્રનો જપ જરૂર કરવો.

સ્વધર્માનુસાર સંધ્યા ગાયત્રી જપ વગેરે જે વૈદિક નિત્યકર્મ કરવાનાં હોય તે કર્યા પછી ત્રણ તાલ વગાડી ભોગ સરાવવો. આચમન મુખવસ્ત્ર કરાવી બીડી ધરાવવી. ઝારી ફરી ભરીને ધરવી. શ્રીના દર્શન તથા ચરણસ્પર્શ કરી પછી સુખશય્યામાં અથવા

ઝાંપીમાં પોઢાડવા. મંદિરદ્વાર મંગળ કરી દંડવત્ પ્રણામ કરવા. પ્રસાદી જળને પોતાને પીવાના જળની મથની (ગોળી) માં મેળવવું. પ્રસાદી મેવા મીઠાઈને રસોઈ થઈ હોય તેમાંના સર્વ પદાર્થમાં મેળવવા. પછી બ્રાહ્મણ હોય તો તેમણે પ્રસાદી અન્નથી બલી વૈશ્વદેવ કરવો. મધ્યાન્ સમયે કોઈ અતિથિ આવ્યો હોય તો તેને અવશ્ય પ્રથમ પ્રસાદ લેવડાવવો. આ ગૃહસ્થાશ્રમીઓનો ધર્મ છે. અતિથિ વખતે ન મળે અથવા હમેશાં તેને પ્રસાદ લેવડાવવાની પોતાની શક્તિ ન હોય તો ગૌગ્રાસ કાઢવો પછી મહાપ્રસાદ લેવો. વૈષ્ણવો એ કદી પણ અસમર્પિત વસ્તુ ખાનપાનમાં વાપરવી નહિ. એમ સિદ્ધાંત રહસ્ય ગ્રંથમાં શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરી છે.

સાંજે સ્નાન કરી વિધિ પ્રમાણે તિલક મુદ્રા ધારણ કરી સેવામાં તત્પર થવું. ઉત્થાપનથી શયનપર્યંતની સેવા સ્નેહપૂર્વક કરવી. શયન

થયા બાદ બહાર આવી પોતાના વર્ણાશ્રમ પ્રમાણે સાયંસંધ્યા ગાયત્રી તથા અષ્ટાક્ષરનો જપ નિત્યપાઠ યથાવિધિ કરવા. પછી મહાપ્રસાદ લઇ પ્રથમ લખ્યા પ્રમાણે મુખશુદ્ધિ કરી બીડી લઇ સ્વસ્થ થવું અવકાશ પ્રમાણે ભગવદ્વાર્તામાં જવું.

વૈષ્ણવકર્તવ્યનું સ્પષ્ટીકરણ.

મંત્રસાર નામના ગ્રંથમાં કહ્યું છે કેઃ—વૈષ્ણવોએ પ્રથમ અષ્ટાક્ષર મંત્રનો ઉપદેશ લેવો. એથી સાત ભક્તિનો અધીકારી થાય છે. શ્રવણ, કિર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન અને દાસ્ય સુધીની સાત પ્રકારની ભક્તિ કરતાં બ્રહ્મસંબંધ કરવાને લાયક થાય છે. પછી ઇશ્વરના અનુગ્રહનું પાત્ર થાય ત્યારે આત્મનિવેદન કરી શકાય છે અને તેમ થાય ત્યારે તેની કરેલી સેવા પ્રભુ સાક્ષાત અં-

ગીકાર કરે છે. સખ્ય તથા આત્મનિવેદન એએ ભક્તિનું પ્રભુ પોતે દાન કરે છે. એ ભક્તિ ભગવાનની પરમ કૃપા હોય તેનેજ પ્રાપ્ત થાય છે. જનોઇ લેવાથી દ્વિજોને જેમ વૈદિક કર્મો કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે તેમ બ્રહ્મ સબંધ કરવાથી ભગવાનની સેવાનો અધિકાર થાય છે માટે જીવને ભગવત્સેવા કરવાનો અધિકારી કરવો એ બ્રહ્મ સંબંધનું પ્રયોજન છે.

પદ્મપુરાણમાં શિવજીનું પાર્વતીપ્રતિ વચન છે કે:—જેણે દીક્ષા ધારણ કરી નથી તેના કરેલાં સર્વ સત્કર્મો નિષ્ફળ થાય છે અને મૂઆ પછી તેને પશુયોનિ પ્રાપ્ત થાય છે.

વૈષ્ણવ સ્વરૂપ.

વૈષ્ણવ એટલે વિષ્ણુનો ભક્ત પરાત્પર પરમાત્મા જે સર્વ

દેવતાઓથી શ્રેષ્ટ છે, અને જેનાથી બીજો કોઇ શ્રેષ્ટ નથી તેનુંજ નામ વિષ્ણુ અથવા મહાવિષ્ણુ કે પુરૂષોત્તમ છે, તેવા પૂર્ણપુરૂષોત્તમની તનુજા, વિતજા તથા માનસી સેવા કરનાર, તથા નિરંતર તેની કથાનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરનાર વૈષ્ણવ કહેવાય છે. ઋગ્વે· ઐતરેય બ્રાહ્મણમાં સ્પષ્ટ કહ્યું છે કે, અગ્નિથી ઉતરતો અને વિષ્ણુથી મોટો કોઇ દેવ નથી. જ્યારે સૌથી શ્રેષ્ટ જે પરમાત્મા તેને ભજનાર વૈષ્ણવો કહેવાય છે ત્યારે, તે વૈષ્ણવોના આચાર તથા વિચાર પણ શ્રેષ્ટ જોઇએ.

જેઓ પોતાને મોઢે પોતાને વૈષ્ણવ કહે અથવા તો ગમે તેટ વિષ્ણુની ભક્તિ કરી, વેદ અને ધર્મશાસ્ત્રની આજ્ઞા ન માને તો તે વૈષ્ણવ કહેવાય નહિં. એના માટે વિષ્ણુ પુરાણમાં ભગવાન પોતે કહે છે કે:—વેદ અને ધર્મશાસ્ત્ર એ મારી (વિષ્ણુની) આજ્ઞા છે.

માટે તેનું ઉલંઘન કરીને જે વર્તે છે તે મારી આજ્ઞાનું ભેદન કરનારો હોવાથી તે મારો દ્વેષી છે. તે ઉપરથી મારી આજ્ઞા ઉપાસતો હોય તેણે તેને વૈષ્ણવ જાણવો નહિ. કેટલા માટે જે પોતાના વર્ણાશ્રમ ધર્મથી અસાવધાન થતો નથી અને શત્રુ તથા મિત્રમાં સમાન બુદ્ધિ રાખે છે, મનથી કોઈનું કંઈ પણ હરતો નથી અને કોઈને હણતો નથી તથા સહજ સ્થિર મન રાખે છે, તેનેજ શુદ્ધ વિષ્ણુભક્ત (વૈષ્ણવ) જાણવો. એવા વૈષ્ણવે શ્રી કૃષ્ણને વહાલા થવાને જે અન્યમાર્ગી અન્ન, દુષ્ટની સંગત, તથા અન્ય (બીજા) દેવોનો આશ્રય એ ત્રણ વાતોને સર્વથા તજવી જોઇએ.

ગોસ્વામી શ્રી હરિરાયજી મહારાજ પોતાના શિક્ષાપત્રમાં કહે છે કે:—સંસારીજનો, જેઓ દુષ્ટની સંગતિથી તથા અન્નના દોષથી બહિર્મુખ તથા ઉન્મત્ત થયા હોય, તેઓની વૈષ્ણવ માર્ગમાં સ્થિતિ

કે થાય ! અર્થાત્ જ્યારે દુષ્ટ સંગ ન કરે, દૂષિત અન્નના ભોજનનો ત્યાગ કરે, તથા બહિર્મુખતા તથા ઉન્મતપણું છોડે તોજ તેનાથી વૈષ્ણવમાર્ગમાં રહી શકાય.

ગુરૂના સંતોષથી સર્વ દેવોને સંતોષ થાય છે માટે ગુરૂ છે તે સર્વ દેવરૂપ છે. જેઓ પોતાના કલ્યાણની ઇચ્છા રાખે છે તેમણે ગુરૂની આજ્ઞાનું મનથી પણ ઉલ્લંઘન ન કરવું ગુરૂની આજ્ઞા પાળવાથી જ્ઞાનરૂપ સંપત્તિ પમાય છે.

સૌભાગ્યવતી સ્ત્રીના ધર્મ.

શુદ્ધિતત્ત્વ ગ્રંથમાં કહ્યું છે કે, પતીના દુઃખે દુઃખી, પતીની પ્રસન્નતાએ પ્રસન્ન, પતીવિયોગમાં મલિન તથા સૂકાયલી અને પતિ મરે ત્યારે મરવા તૈયાર થનારી એવી નારીને પતિવ્રતા જાણવી.

પોતાના આચરણથી સાસુ સસરાને તથા માતા પિતાને નિરંતર સંપૂર્ણ સંતોષ આપે છે, તે નારી પતિવ્રતા જાણવી. સ્ત્રીઓને પતિ એજ દેવ છે, પતિ એજ સગો છે, પતિ એજ ગતિ (શરણ) છે. સ્ત્રીને પતિ જેવું બીજું ઉત્તમ દેવત કંઈજ નથી. સ્ત્રી બાળા હોય, યુવાન હોય કે વૃદ્ધ હોય પરંતુ તેણે ઘરમાં કંઈપણ કામ સ્વતંત્રતાથી કરવનું નથી. પતિસેવા શિવાય સ્ત્રીઓ માટે જુદો યજ્ઞ કરવાનો કહ્યો નથી, વ્રત કે ઉપવાસ કરવાનું કહ્યું નથી. ફક્ત પતિની સેવાથીજ તે સ્વર્ગમાં જઈ શકે છે. શય્યામાં રાજાની પેઠે પતિનું રક્ષણ કરનારી. કામશાસ્ત્રમાં ગુરૂની પેઠે ઉપદેશ દેનારી, ચાકરી કરવામાં દાસીની પેઠે શ્રમ કરનારી, ઘરમાં લક્ષ્મીની પેઠે સુખ દેનારી અને વડિલની આગળ મૂર્તિમાન લજ્જાની પેઠે ઉભી રહેનારી એવા ગુણ જેનામાં હોય તેજ ખરી પતિવ્રતા કહેવાય છે.

પરપુરૂષ સાથે વ્યભિચાર કરનારી સ્ત્રીઓના અંગઉપર જેટલાં રૂંવાટા છે તેટલા હજાર વર્ષ સુધી કુંભીપાક નામના નર્કમાં દુઃખ ભોગવવું પડે છે માટે જીતેંદ્રિયપણું દૃઢ રાખી પતિની આજ્ઞા પ્રમાણે સેવામાં તત્પર રહેવું.

વિધવા સ્ત્રીઓના નિયમ.

પતિના મરણ પછી વિધવા સ્ત્રીઓએ વિવિધ પ્રકારનાં રાતા રંગનાં વસ્ત્ર પહેરવાં નહિ, જીવતા સુધી પોતાની સર્વે ઇંદ્રિયોને વશ રાખી હરિસેવા, સ્મરણ, કિર્તન અને વાર્તામાં પોતાના મનને પરાયણ કરવું. દુઃસંગનો ત્યાગ કરી બ્રહ્મચારીના જે ધર્મ કહ્યા છે તે ધર્મ વિધવા સ્ત્રીઓએ નિયમપૂર્વક અવશ્ય પાળવા.

સામાન્ય રિતે પાળવાના નિયમ.

જે વસ્તુ શાસ્ત્રમાં નિષેધ કરેલી હોય તેને પ્રયત્ને કરીને ત્યાગ કરવી. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સરના એ છ દુર્ગુણોનો ત્યાગ કરવો. પરસ્ત્રી નર્કસમાન જાણી કદાપિ તેનો સંગ કરવો નહિં તેમજ દુર્જન બહિર્મુખ અને નાસ્તિકનો સંગ કરવો નહિં. માતા, બેન, દીકરી વગેરે કોઇપણ સ્ત્રીની સાથે એકાન્તમાં બેસવું નહિં. તેમજ ગુહ્ય ભાષણ પણ કરવું નહિં. પરસ્ત્રીનો સંગ આ લોક તથા પરલોકને નાશ કરનારો છે. દશમીના વેધવાળી એકાદશી કરવી નહિં. જયંતિ વ્રતો વિદ્ધા તિથિઓમાં કરવાં નહિં. તામસી આહાર કરવો નહિં, સૂતકીનું અન્ન, એકાદશાનું ભોજન, બારમાનું ભોજન, અને પ્રેત (શ્રાદ્ધ) ભોજન વગેરેનો ત્યાગ કરવો. લસણ, ડુંગળી, ગાજર, કાળીંગડુ, તડબુચ, રાતોમુળો, ધોળું વંતાક તથા કેફ ચડે એવા

પદાર્થોનો ત્યાગ કરવો. જુગાર રમવો નહિ. તેમજ જળ ગળ્યા સિવાય પીવું નહિ. એના માટે ભાગવત એકાદશ સ્કંધમાં કહ્યું છે કે, વસ્ત્રથી ગળેલું એવું પવિત્ર જળ પીવું.

ધર્મશાસ્ત્રમાં વચન છે કે, હાથોહાથ આપેલું મીઠું, ગાળ્યા વિનાનું જળ, કોસનું પાણી અને વિણ્યા વિનાનું અન્ન એ ચારવાનાં માંસ બરોબર છે. એટલુંજ નહિં પણ સ્કંદ પુરાણમાં લખ્યું છે કે, જો વૈષ્ણવ ગળ્યા વિનાનું જળ સેવામાં વાપરે તો તેને ૧૦૦ વર્ષ સુધી વૈતરણી નદીમાં નર્કદુઃખ ભોગવવું પડે છે. દુધ, તેલ, મધ, ઘી, સરસીઉં વગેરે જે જે પ્રવાહી પદાર્થો છે તેને ગાળ્યા સિવાય ઉપયોગમાં લેવા નહિં. હિંગનો રસ માત્ર લેવાને ધર્મશાસ્ત્રમાં છુટ આપેલ છે માટે તેજ રસના આંગળા સુધી હોય તે ખાંડી વસ્ત્રથી ગાળીને પછી તે વાપરવી. બાંધેલી કામમાં લેવી નહિં

ગીતાજીના ૧૨ મા અધ્યાયમાં શ્રી કૃષ્ણ ભગવાને આજ્ઞા કરી કે, જેને વૈરભાવ અંતરથી પ્રાણીમાત્રથી ટળી ગયો છે તેજ મને પામે છે. તેનેજ વૈષ્ણવ જાણવો માટે વૈષ્ણવોએ એવું વર્તન રાખવું કે, આપણાથી મોટા હોય તેના સાથે નમ્રતા રાખવી, બરોબરીયા સાથે મિત્રભાવ રાખવો, ગરીબ ઉપર દયા રાખવી, અને પોતાના ધર્મમાં રહી શ્રી કૃષ્ણ પરમાત્માને વિષે દૃઢ પ્રેમથી ભક્તિ કરવી પરંતુ કોઇના ધર્મની, શાસ્ત્રની, દેવની, બ્રાહ્મણની, સંતની, રાજાની, સ્ત્રીની અને એકંદર કોઇની પણ નિંદા કરવાથી વિશ્વાત્માનો કોપ થાય છે અને તેમ થવાથી શ્રી હરિની પ્રાપ્તિમાં અંતરાય થાય છે.

બ્રહ્મસંબંધ અને તેની આવશ્યકતા.

આખું વિશ્વ તેમજ તેના પ્રત્યેક અંગો એ પરાત્પર પરમા-

આના અંશો છે. જે જેનો અંશ હોય તે તેની સેવા કરે, એવો સૃષ્ટિક્રમ દેખાય છે તે નિયમે જેના પરમાત્માની સેવા કરવાનો સર્વને સરખો અધિકાર છે. પરંતુ જે પરમાત્મા એ વેદદ્વારા વર્ણવી જે મર્યાદા બાંધી છે તે જોતાં વેદ ભણવાનો અધિકાર ત્રણ વર્ણને છે પરંતુ શુદ્રોને નથી. બ્રાહ્મણ, ક્ષત્રીય અને વૈશ્ય એ ત્રણ વર્ણને ઉપનયન થયા પછી વેદ ભણવાનો અધિકાર પ્રાપ્ત થાય છે તે ઉપનયન ક્યારે લેવું તેના સંબંધમાં ધર્મશાસ્ત્ર જણાવે છે કેઃ—ગર્ભથી ૮ મે વર્ષે બ્રાહ્મણે, ૧૧ મે વર્ષે ક્ષત્રિયે અને ૧૨ મે વર્ષે વૈશ્યે ઉપનયન લેવું. જો કંઈ અડચણથી તે નિયત સમયે ન લેવાય તો ઘણામાં ઘણો બ્રાહ્મણ માટે ગૌણસમય ૧૬ વર્ષ સુધી, ક્ષત્રી માટે ૨૨ વર્ષ સુધી અને વૈશ્ય માટે ૨૪ વર્ષ સુધીનો છેલ્લો છે. અને તે પછી રહે તો તેને ખાસ પ્રાયશ્ચિત્ત કરવું પડે છે.

વ્રતનો અધિકાર.

દરેક વૈષ્ણવો વ્રત અને ઉપવાસ કરવું જોઇએ એ એમનો સ્વભાવિક ધર્મ છે પરંતુ તેમાં પણ ભેદ રહેલો છે.

સ્કંધપુરાણમાં કહ્યું છે કે:—

સ્ત્રીઓને માટે જુદો યજ્ઞ, જુદું વ્રત કે જુદો ઉપવાસ કહ્યો નથી. માત્ર પતિની સેવા કરવાથી સ્ત્રીઓને ઇચ્છિત પરલોક પ્રાપ્ત થાય છે. તેનો ભર્તા જે કંઇ દેવ કે પિતૃઓની પૂજા અર્ચા કે સત્કર્મ કરે તેમાંથી અર્ધું ફળ પતિવ્રતા સ્ત્રીને પતિની સેવા કરવાથીજ મળે છે, વળી આદિત્ય પુરાણમાં તો એથી પણ આગળ વધી કહ્યું છે કે:—કોઇ પણ સ્ત્રી પોતાના પતિ અથવા પુત્રની સંમતિ વિના પરલોક સબંધી કર્મ કરે છે તે નિષ્ફળ થાય છે.

વળી અધિકારીને જો વ્રત કરવાની પોતામાં શક્તિ ન હોય તો તેના માટે સ્કંધપુરાણમાં કહ્યું છે કેઃ—વિનયવાન્ પુત્ર અથવા બહેન અથવા ભાઇ એ વ્રત કરે તોપણ ચાલે. તેઓનો પણ અભાવ હોય, તો બ્રાહ્મણની યોજના કરી, તેની પાસે કરાવવું. પત્ની પતિ માટે વ્રત કરે, તથા પતિ પત્ની માટે વ્રત કરે. ધણી ધણીઆણી બંને અશક્ત હોય તો પછી તેનું વ્રતભંગ થતું નથી. એના સંબંધમાં વાયુપુરાણમાં કહ્યું છે કેઃ—ઉપવાસ કરવા અસમર્થ હોય, તેમણે એક વેદપાઠી બ્રાહ્મણને જમાડવો. અથવા તો તેને એક સીધું (આમાન) આપવું. અથવા તો બમણી કિંમતનું ધન આપવું. વળી જે નિર્ધન હોય અથવા બીજાનો પરાધીન થયો હોય એવા પુરૂષે તો વ્રતના બદલામાં એક હજાર ગાયત્રીમંત્ર જપ કરવો, અથવા બાર પ્રાણાયામ કરવા. વળી ગરૂડપુરાણમાં કહ્યું છે કેઃ—ઉપ-

જાય જેનાથી ન થાય તેણે પંચગવ્ય (દૂધ, દહીં, ગોમૂત્ર, ગોમય અને ઘી) નો આહાર કરવો. તે નહિં તો એકલું ઘી, તે નહિં તો થેડું જળ, તે નહિં તો દુધ, તે નહિં તો તક્ર, તે નહિં તો ફળ એનો આહાર કરવો. તેથી ન રહેવાય તો અન્નોદન (ભાત ન ખાવો) તે ન બને તો હવિષ્યાન્ન (ઘીમાં તળેલી પૂરી વગેરે ચીજનો આહાર), અને તે ન બને તો નક્તભોજન કરવું. આ સર્વ પ્રકારોને એક એકથી ચઢીઆતા જાણવા.

વ્રતના દીવસે કર્તવ્ય.

વ્રત એ તપશ્ચર્યાનું એક અંગ છે. બીજા દીવસો કરતાં વ્રત માટે નિર્માણ થયેલા દિવસે વ્રત કરવામાં વિશેષ ફળ છે તેમાં પણ ભગવાનના પ્રાકટ્યનો જે સમય તે બીજા દિવસો કરતાં વિશેષ

પવિત્ર છે. તેવા પવિત્ર સમયમાં કરેલી તપશ્ચર્યા વધારે જલદી ફળી છે. જે દેવનું વ્રત કરવું તે દેવના ભજન કિર્તનમાં તે દિવસે મનને પરોવવાનું છે. નિરંતર વિષયોમાં લાગેલું મન નિરાહાર રહેવાથી કે જરૂર જેટલો સાત્વિક આહાર કરવાથી વિષયોમાંથી ખેંચી જેમાં જોડવું હોય તેમાં જોડી શકાય છે. આહાર ન કરનાર દેહીના વિષયો પોતાની મેળે સારી પેઠે નિવૃત્ત થાય છે. એટલા માટે ચિત્તને પ્રથમથી સ્થિર રાખવા માટે વ્રતોમાં ઉપવાસ કરવામાં આવે છે. વ્રત કરનારને પાળવાના નિયમો વિષે દેવલસ્મૃતિમાં કહ્યું છે કે:—બ્રહ્મચર્ય, પવિત્રતા, સત્ય અને અભક્ષ્યનો ત્યાગ એ ચાર વાતોનું આચરણ વ્રતમાં ઉત્તમ છે. ઉપવાસને દિવસે અંજન, રોચન, ગંધ, પુષ્પ, માળા, અલંકાર, દાતણ, અભ્યંગ, તાંબુલભક્ષણ, દિવસે નિદ્રા, જુગાર, અને મૈથુન એટલાં વાનાં ત્યજવાં.

જળ, ફળ, મુળ, દૂધ, અને હવિનો આહાર કરવાથી તથા બ્રાહ્મણને–જેની કામના થઈ હોય તે પદાર્થ તેને આપવાથી, તથા ઔષધ લેવાથી અને ગુરૂની આજ્ઞાએ એ આઠ થકી વ્રત ભંગ થતું નથી.

એકાદશી મત નિર્ણય.

એકાદશીનો નિર્ણય શ્રીમદ્ વલ્લભાચાર્યે તથા ઘણા વિદ્વાન ગોસ્વામી મહારાજોએ જુદા જુદા વખતે લખ્યો છે તે જોતાં સઘળાઓનો મત એ વિશે એકસરખો જણાય છે.

મુંબાઈના મોટા મંદિરના માલિક વિદ્વાન ગોસ્વામીશ્રી જીવણલાલજી મહારાજે " ઉત્સવ નિર્ણય " એ નામે ગ્રન્થ રચ્યો છે એમાં જણાવ્યું છે કેઃ—" દશમ જો પંચાવન ઘડી હોય તો તે (ની

વેધની) એકાદશી તજવી, અને પક્ષમાત્ર પણ પંચાવન ઘડીમાં ઓછી હોય તો તે એકાદશી ન છોડવી." અને તેજ મુજબ શ્રી કલ્યાણરાયજી મહારાજે પણ પોતાના એકાદશીનિર્ણયમાં જણાવ્યું છે.

જેની પાસે પંચાંગ ન હોય અથવા માગેલો ખુલાસો આપે એવા જોષીની ગેરહાજરી હોય અને વેધ વિશે મનમાં સંદેહ રહે, તો શુદ્ધ દ્વાદશીને દિવસે વ્રત કરવું. બે એકાદશી હોય તો બીજી એકાદશીને દિવસે વ્રત કરવું. અને બે બારસ હોય તો પહેલી બારસને દિવસે વ્રત કરવું."

વૈષ્ણવ તથા સ્માર્તને જુદી એકાદશી કરવાનું કારણ.

શ્રૌત (શ્રુતિને અનુસરનારા વૈષ્ણવો) અને સ્માર્ત (સ્મૃતિને અનુસરનારા શૈવો, શાક્તો, ગાણપત્યો, સૌરો ઇત્યાદિ) એવા આ-

તિક આર્યોના બે મોટા ભેદ હોય છે તેમાં જેઓ વૈષ્ણવો છે, તેઓએ દશમના વેધવાળી એકાદશીમાં વ્રત ન રાખવું. અને સ્માર્તાએ એકાદશી પછી તે શુદ્ધા હોય કે વિદ્ધા હોય તોપણ તેમાં વ્રત રાખવું એવો ધર્મશાસ્ત્રનો સિદ્ધાંત છે. અને વૈષ્ણવ થઇને, જો ઉધાત એકાદશી મળે તેમ છતાં વિદ્ધામાં વ્રત કરે તો, તેનું તે વ્રત નિષ્ફળ થાય છે. એટલુંજ નહિં પણ તેમ કરવાથી તેને દોષ લાગે છે તેના વિશે મહાભારતમાં કહ્યું છે કેઃ—

સૂર્યોદય સમયે દશમી શેષ છતાં, તે દશમના વેધવાળી એકાદશીમાં, ગાંધારી (કૌરવોની માત) એ વ્રત રાખ્યું હતું, તે ગાંધારી વૈષ્ણવ હતી છતાં તેમણે સ્માર્ત એકાદશી રાખી તેથી તેના ૧૦૦ પુત્રનો નાશ થયો હતો. એટલું છતાં જો તેજ વેધવાળી અગીયારસ જો સ્માર્ત રાખે તો તેને દોષ લાગતો નથી.

જન્માષ્ટમી.

વદી ૮ માં એક કળા પણ રોહિણી આવે તેનું નામ જયંતિ કહી છે, તેનું પ્રયત્નપૂર્વક ઉપોષણ કરવું. શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ "તત્વદીપ" નિબંધ, તથા શ્રી ભાગવતની ટીકા "સુબોધિની" માં જન્માષ્ટમીનો નિર્ણય નીચે મુજબ આપેલો જોવામાં આવે છે.

"જન્માષ્ટમીમાં તો સૂર્યોદય પછી જો સાતમ આવે તો તે તજવા યોગ્ય છે."

પદ્મપુરાણમાં કહ્યું છે કે "જો એક કળા કાષ્ઠા કે મુહૂર્ત પણ આઠમ (સૂર્યોદય વ્યાપિની) હોય તો, તે નોમવાળી લેવી, પણ સાતમવાળી ન લેવી. નોમને દિને એક મુહૂર્ત (બે ઘડી) પણ પૂર્વ વિદ્ધા આઠમ હોય તો તે સંપૂર્ણ આઠમ ગણાય."

બ્રહ્મવૈવર્તમાં કહ્યું છે કે " સાતમની વેધવાળી આઠેમ પ્રયત્નપૂર્વક છોડવી. રોહિણી નક્ષત્રવાળી પણ સાતમની વેધવાળી આઠેમ હોય તો ન કરવી.

રામનવમી.

શ્રી રામનવમી નિર્ણયના લેખો શોધીએ તો અમારી જાણ પ્રમાણે આજ સુધી ૯ લેખો લખાયલા જણાય છે. એ સઘળાનું અવલોકન થતાં સર્વનો મત એકસરખો છે તે એ કે, વિષ્ણુપરાયણ (વૈષ્ણવો) એ અષ્ટમી વિદ્ધા નવમી છોડવી. નવમીમાં ઉપવાસ અથવા વ્રતનિશ્ચય કરવું. આ વ્રતનાં પારણાં દશમીમાં જ કરવાં. આ નિર્ણયમાં પ્રમાણ "અગસ્ત સંહિતા" નું વચન "રામાર્ચન ચંદ્રિકા" વગેરે ગ્રંથમાં લખ્યું છે. એનો સ્પષ્ટ ખુલાસો ગોસ્વામી

શ્રીવ્રજરાયજીકૃત સંવત્સરોત્સવ કલ્પલતામાં લખ્યો છે તે નીચે પ્રમાણે:-

ચૈત્ર માસની અજવાળી નવમીમાં શ્રીરામચંદ્રજી પ્રકટ્યા છે. આ નવમીમાં વર્ણવે એ મોટો ઉત્સવ કરવો અને વ્રત પણ ઉત્સવનું મુખ્ય અંગ છે માટે બુદ્ધિમાનોએ આ નવમીનું વ્રત અવશ્ય કરવું, અને અષ્ટમી વિદ્ધા નવમીમાં વ્રત ન કરવું. અને ઔદયિક નવમીને બીજે દહાડે જો દશમી ન હોય અર્થાત્ દશમીનો ક્ષય હોય ત્યારે તો અષ્ટમી વિદ્ધાજ લેવી. કેમકે એજ પ્રમાણ વચનમાં પણ વિદ્ધાની વિધિ છે એમ લખી તેમાં પ્રમાણ "અગસ્ત્ય સંહિતા" નું વચન લખે છે. અને નવમી ક્ષયમાં પણ અષ્ટમી વિદ્ધા લેવી લખી છે. શ્રી પુરૂષોત્તમજીકૃત "ઉત્સવ પ્રતાન" માં પણ આ જ મતનો નિર્ણય સવિસ્તર કર્યો છે તેમાં શ્રીગુસાંઈજીકૃત નિર્ણયનો અભિપ્રાય વિવેચન સ્પષ્ટ કરીને ઉત્સવ નિર્ણય (નં. ૬) લખ્યો છે કે:—

નવમીનો ક્ષય હોય ત્યારે અષ્ટમી વિદ્ધા લેવી કેમકે જન્માષ્ટમીની પેઠે એમાં બીજી ગતિ નથી. અને પારણાંને માટે દશમી ન મળતી હોય તોપણ અષ્ટમી વિદ્ધા લેવી કેમકે આ વ્રતનો પારણાનો વિધિ દશમીમાંજ છે.

નૃસિંહ જયંતી.

આ જયંતીના વ્રતના નિર્ણય કેટલાક વિદ્વાનોએ લખેલા છે તે શિવાય સુરતવાળા ગોસ્વામી શ્રી પુરશોત્તમજી મહારાજે "ઉત્સવ પ્રતાન" નામક સંસ્કૃત ગ્રંથ, ઉત્સવો તથા વ્રતોના નિર્ણય માટે લખ્યો છે તેમાં આ ચતુર્દશી માટે જે લેખ સંસ્કૃત ભાષામાં લખાયેલ વાંચવામાં આવ્યો તેનો અર્થ આ નીચે આપ્યો છે.

નૃસિંહ પુરાણમાં કહ્યું છે કે વૈશાક સુદ ૧૪ નિશામુખે પ્રદોષ-

સમયે મારો પુન્યકારક જન્મ થયો છે માટે મારા સંતોષાર્થે દરેક વર્ષે પાપને નાશ કરનારૂં મારૂં વ્રત કરવું સ્કંદ પુરાણમાં કહ્યું છે કે, વૈશાકની ૧૪ અને સોમવારે પ્રદોશસમયે અનીલ (સ્વાતી) નક્ષત્રમાં નૃસિંહનો અવતાર થયો છે. અત્રે પ્રદોશ શબ્દ પારીભાષિક છે તથાપિ હિરણ્યકશિપૂને તું રાત્રે નહિં મરે અને દીવસે પણ નહિં મરે એવો વર આપ્યો હતો આથી રાત્રી અને દીવસની સંધ્યાપર પ્રદોશ શબ્દાર્થ દેખાય છે. તે પણ મુખ્ય સંધી લેવી તેનું સ્વરૂપ વશીષ્ઠ એમણે કહ્યું છે. જે અર્ધાસ્ત સમય એટલે જે વખતે સુર્યનું અર્ધબિંબ અસ્ત થયું હોય, તારા દીસતા ન હોય, અને સુર્યનું તેજ ક્ષીણ થયું હોય તેવો સમય પ્રવીન વિદ્વાનોએ કહ્યો છે. દિનકરોદ્યોત ગ્રંથમાં પ્રદોશ સમય ત્રણ મુહૂર્તનો વખત એમ કહ્યું છે. કાલનિર્ણયમાં તો વૈશાખ શુદ ૧૪ સૂર્યાસ્ત થતાંજ થાંભલાની વચ્ચેથી

શ્રી નૃસિંહરૂપે વિષ્ણુ ભગવાન પ્રગટ્યા એવું નૃસિંહ પુરાણનું વચન લખ્યું છે. સાયંકાળ પ્રાદુર્ભાવનો સમય છે. એમ ભવિષ્ય પુરાણનું વચન છે. પ્રદોષ સમય સ્કંધપુરાણમાં કહ્યો છે. આથી પ્રદોષ શબ્દનો અર્થ સાંપ્રતથી નિર્ણીત કર્યો દેખાય છે. અને સાયંપદનો અર્થ તારોદય સ્પર્શ થયાથી સંધ્યા એવો લક્ષિત કર્યો છે, સૂર્યાસ્તથી આરંભીને ઘડી ત્રણ સુધી જન્મકાલ છે. એ તિથિમાં સર્વેએ પ્રદોષ વ્યાપિની કરવી, એવો નિર્ણય છે. યોગ્ય તો વૈષ્ણવોને અધિકાર છે. બીજાએ પ્રદોષ વ્યાપિની લેવી. કેમકે તે રક્તવિદ્ધા વૈષ્ણવ ન કરવી. પૂર્ણ યુક્ત હોય તો તે લેવી. જો મોહથી તે રક્તવિદ્ધા કરે તો ધનપુત્રાદિકનો વિયોગ થાય છે, માટે વિદ્ધા ત્યાજ્ય છે, વિશેષ કરીને વૈષ્ણવોએ કદાપિ તેરસ વિદ્ધા ન કરવી જોઇએ. વ્યાસજીએ પણ એમ કહ્યું છે, કે પરવિદ્ધા એટલે પૂર્ણિમા

[illegible] લેવી કરવી, પરંતુ પૂર્વવિદ્ધા એટલે તેરસવિદ્ધા સર્વથા ન કરવી. ૧૪ તિથિનો ક્ષય હોય, તો ન છુટકે વિદ્ધા લેવી. જન્માષ્ટમીની રીતિ આ ઠેકાણે લેવાની નથી, કેમકે ત્યાંતો બીજે દીવસે નંદમહોત્સવ કરવો પડે છે. અહીં ઉદયવાદિ વિચાર કરવાનો નથી.

આ રીતે ચતુર્દશી વ્રતનો નિર્ણય જણાવ્યો કે એકંદર રીતે જોતાં ચૌદશે વ્રત રાખવું; પરંતુ જ્યારે ચૌદશનો ક્ષય હોય ત્યારે તેરસવિદ્ધા ચૌદશ વ્રત માટે લેવામાં હરકત નથી.

વામનદ્વાદશી.

આ જયંતિ માટે કાંઇપણ લખીત આધાર વાંચવામાં આવ્યો નથી તોપણ શ્રીમદ્ ભાગવતના આઠમા સ્કંધના ૧૦ મા અધ્યાયમાં કહ્યું છે કે:—"ભાદ્ર માસમાં શ્રવણ નક્ષત્ર યુક્ત દ્વાદશીને દિને આ.

અભિજિત મુહૂર્તે (બરાબર મધ્યાન્હ સમયે) જ્યારે સર્વે નક્ષત્ર અને તારાઓ વગેરે દક્ષિણ (અનુકૂળ) હતાં, તથા શ્રી સૂર્યનારાયણ ક્ષિતિજના મધ્ય ભાગમાં હતા તે વખતે ભગવાન શ્રી હરિ વામનરૂપે અવતર્યા તે કારણથી આ તિથિને વિજયા કહી છે. શ્રવણ નક્ષત્રમાં તે વખતે ચંદ્રમા હતો તેથી એને શ્રવણદ્વાદશી પણ કહે છે. "

આ ઉપરથી જણાય છે કે ભાદરવા માસની શુદ ૧૨ ના રોજ જન્મ સમયે શ્રવણ નક્ષત્ર પહોંચતું હોય તે દ્વાદશી વ્રત કરવાને વિશેષ ફળદાયક છે.

ગ્રહણ.

ગ્રહણના નિર્ણય વિશે ગૌતમ મહર્ષિએ કહ્યું છે કે:—સૂર્ય ગ્રહણમાં ગ્રહણના પહોરથી પહેલા ચાર પહોરમાં અને ચંદ્રગ્રહણના પહોરથી

પૂર્વેના ત્રણ પહોરમાં બાળકો, ઘરડાંઓ અને માંદાઓ સિવાય બીજા કોઈએ જમવું નહિ. સૂતકના સંબંધમાં વસિષ્ઠ ઋષિએ કહ્યું છે કેઃ—સર્વે વર્ણોએ ગ્રહણનું સૂતક પાળવું, સચૈલ (પહેરેલાં કપડાં સાથે) સ્નાન કરવું, તથા સૂતકમાં જે રસોઇ રહેલી હોય તેનો ત્યાગ કરવો, વળી કહ્યું છે કેઃ—જે માણસ ગ્રહણના સૂતકમાં છુય પછી સ્નાન ન કરે તે માણસ જ્યાં સુધી બીજું ગ્રહણ આવે ત્યાં સુધી સૂતકી રહે છે.

અલ્પ ગ્રહણ વિષે " અલ્પલાઘવ " ગ્રંથકાર સૂર્યગ્રહણ વિ-ષેર પ્રકરણમાં લખે છે કેઃ—રવિ (સૂર્ય) અને ઈંદુ (ચંદ્રમા) ના અંગુલથી અલ્પ (ઓછા) ગ્રાસનો આદેશ કરવો નહિ કેમકે તે હાદી આપે દેખાતો નથી.

ગ્રહણ જે રાશીવાળાને અનિષ્ટ હોય તેણે તેના વારણ માટે વિશેષ દાનાદિ કરવાં. એના દાનનો પ્રકાર એવો છે કેઃ—કાંસાના

[illegible] વાડકામાં ગરમ કરેલું ઘી ભરીને તેમાં સોનાનો નામ તથા ચાંદીનું ચકચકિત મૂકી તે ઘીમાં પોતાનું મુખ જોઈને દક્ષિણા સહિત દાન આપવું જોઈએ.

શ્રાદ્ધ પક્ષ

મરિચી મુનિયે શ્રાદ્ધ શબ્દનો અર્થ એવો કર્યો છે કેઃ—જે ભોજન પોતાને ભાવતું હોય, તે પ્રેતયોનીને પામેલા પિતૃઓના નામોચ્ચાર પૂર્વક શ્રદ્ધા આપવામાં આવે તેને શ્રાદ્ધ કહેવું. પ્રેત પ્રકર્ષે અપેક્ષા અર્થાત્ દેવલોક પામેલા પૂર્વજોના ઉદ્દેશથી, વેદમાં કહેલી વિધિપૂર્વક જે આપવામાં આવે તેજ શ્રાદ્ધ કહેવાય.

ભાદરવા માસના કૃષ્ણ પક્ષમાં પૂર્વજોને અર્થે મહાલય શ્રાદ્ધ કરવા કહ્યું છે, તેથી તે શ્રાદ્ધપક્ષ કહેવાય છે કેટલેક ઠેકાણે કન્યાના

સર્વ હોય ત્યારે ૧૬ શ્રાદ્ધ કરવાનાં કહ્યાં છે. આ ઉપરથી કેટલાકો ભાદરવા શુદ ૧૫ ને શ્રાદ્ધપક્ષમાં ગણીને, પૂનેમને દિને ગુજરેલાનું શ્રાદ્ધ તે દિવસે કરે છે, તે શાસ્ત્રોક્ત નથી. ભાદરવા શુદ ૧૫ શ્રાદ્ધ પક્ષમાંજ નથી. આસો શુદ ૧ જેને આજે પડવો કે નાનેતર કહે છે, તે સહિત ૧૬ શ્રાદ્ધ કહેવાય છે. શ્રાદ્ધમાં તિથિ અપરાહ્ન કાળ વ્યાપિની કે કુતુપ મુહુર્ત વ્યાપિની લેવાનું કહ્યું છે.

પિતા, પિતામહ તથા પ્રપિતામહ એ ત્રણના ઉદ્દેશથી શ્રાદ્ધ કરવાનું કહ્યું છે. એ ત્રણને બદલે દર્ભના ત્રણ ચટ કે ત્રણ બ્રાહ્મણો બેસાડવામાં આવે છે તેને દેવસ્વરૂપે ત્રણ દેવતાઓ તરીકે માનવા કહ્યું છે.

શ્રાદ્ધ કરવાનો પહેલો અધિકાર પુત્રને છે. તે ન હોય તો પત્નીનું શ્રાદ્ધ પતિએ અને પતિનું પત્નીએ કરવું. તે બેમાંથી કોઇ

ન હોય તો ભાઇએ કરવું. ભાઇ ન હોય તો કોઇ પણ સપિંડે એ કરવું. અને કોઇ પણ ન હોય, તો તો તેનું ધન લેનાર રાજાએ, તે ધનમાંથી મરનારની અન્ત્યક્રિયા કરાવવી એમ આર્યધર્મશાસ્ત્રમાં કહ્યું છે. સિદ્ધપુર કે ગયામાં માતપિતાનું શ્રાદ્ધ કરી આવનારે પણ મહાલય શ્રાદ્ધ કરવું જોઇએ. કર્મલોચનમાં કહ્યું છે કેઃ—

શ્રાદ્ધ કરનારે શ્રાદ્ધના દિવસે પ્રવાસ, યુદ્ધ, નદી ઓળંગવી, અસત્ય ભાષણ, બે વખત ભોજન જુગાર, અને દિવસે નિદ્રા એ સાત વાનાં તજવાં જોઇએ. રાજમાર્તંડમાં કહ્યું છે કેઃ—

ઉપરના નિયમ ઉપરાંત સ્ત્રી સંગ, પિતૃના ઉદ્દેશ સિવાય કોઇને દાન આપવું, પિતૃના શ્રાદ્ધ માટે કોઇ પાસેથી દાન લેવું અને સ્વાધ્યાય એ શ્રાદ્ધ કરનારે છોડવાં. શ્રાદ્ધતત્વ ગ્રન્થમાં કહ્યું છે કે—શ્રાદ્ધ કરનાર અને શ્રાદ્ધમાં ભોજન કરનારે ફરી ભોજન ન કરવું.

શ્રાદ્ધ શબ્દનું મુળ શ્રદ્ધા છે જે કંઈ કરવાનું તે જો શ્રદ્ધાથી કરવામાં આવે તોજ ફળદાયક છે. અગ્નિપુરાણમાં વેદવ્યાસે કહ્યું છે કે:—જ્યાં શ્રદ્ધા નહિં ત્યાં ધર્મ નહિં અને તેના અશ્રદ્ધાએ કરેલું નિષ્ફળ જાય છે. એના માટે શ્રી ગીતાજીમાં કહ્યું છે કે, હે પાર્થ ! જે હોમ, દાન કે તપરૂપ કર્મ અને બીજું પણ જે કાંઇ કર્મ અશ્રદ્ધાથી કરવામાં આવે, તે અસત્ કહેવાય છે. એ કર્મ આ લોકમાં કે પરલોકમાં પણ ઉપયોગી થતું નથી. અ. ૧૭ શ્લોક ૨૮. એટલા માટે દીજોએ શ્રાદ્ધ શ્રદ્ધાપૂર્વક કરવું જોઇએ. શ્રાદ્ધ કરવાના સમય વિષે તપાસ કરતાં જણાય છે કે:—માતાનું શ્રાદ્ધ પૂર્વાહ્ને એટલે મધ્યાન્હથી પૂર્વે કરવું, અને અપરાહ્ન એટલે બપોર પછીના સમયે પિતૃઓનું શ્રાદ્ધ કરવું તથા એકોદિષ્ટ શ્રાદ્ધ બરાબર બપોરના બાર વાગે કરવું અને વૃદ્ધિ નિમિત્તનું માંગલિક શ્રાદ્ધ પ્રાતઃકાલે (સવારે) કરવું.



શ્રી ગુસાંઇજીનાં ૭ બાળકનાં નામ

શ્રી વિઠ્ઠલનાથજી (શ્રીગુસાંઇજી) ને સાત લાલજીને એકેક શેવરસ્વરૂપ આપી જુદાં જુદાં

પુત્રનું નામ.		જન્મ તિથિ.
૧ શ્રી ગિરિધરજી.	સં. ૧૫૯૭	કાર્તિક સુદ ૧૨
૨ શ્રી ગોવિંદરાયજી.	સં. ૧૫૯૯	,, વદ ૮
૩ બાળકૃષ્ણ.	સં. ૧૬૦૬	ભાદરવા વદ ૧૩
૪ શ્રી ગોકુળનાથજી.	સં. ૧૬૦૮	માગશર સુદ ૭
૫ શ્રી રઘુનાથજી.	સં. ૧૬૧૧	કાર્તિક સુદ ૧૨
૬ શ્રી યદુનાથજી.	સં. ૧૬૧૩	ચૈત્ર સુદ ૬
૭ શ્રી ઘનશ્યામજી.	સં. ૧૬૨૮	કાર્તિક વદ ૧૩

તથા તેમનાં શેવ્ય સ્વરૂપ.

લાલજી તથા ચાર બેટીજી પ્રકટયાં હતાં. તે મંદીર બાંધી આપ્યાં હતાં તે નીચે મુજબ.

સેવ્યસ્વરૂપ.	હાલ કયાં બીરાજે છે.
શ્રી મથુરાજી.	શ્રી કોટા.
શ્રી વિઠ્ઠલનાથજી.	નાથદ્વાર
શ્રી દ્વારકાંનાથજી.	શ્રી કાંકરોલી.
શ્રી ગોકુલનાથજી.	શ્રી ગોકુળ.
શ્રી ગોકુલચંદ્રમાજી.	શ્રી કામવન.
શ્રી બાળકૃષ્ણજી.	શ્રી સુરત.
શ્રી મદનમોહનજી.	શ્રી કામવન.

શ્રી ગોકુળનાથજી

		૩	૪	૫	૬	૭	[illegible]	૯	૧૦	[illegible]	૧
૨	[illegible]	[illegible]	૫	૬	૭	૮	[illegible]	[illegible]	૧૧	૧૨	
	[illegible]	[illegible]	૬	૭	૮	૯	૧૦		૧૨	[illegible]	[illegible]
૪		[illegible]		૮	૯	૧૦	૧૧	[illegible]	[illegible]	૩	[illegible]
[illegible]	૬	૭	૮	૯	૧૦	૧૧	[illegible]	[illegible]	[illegible]	૩	૪
[illegible]	૭	૮	૯	૧૦	૧૧	૧૨		૨	૩	૪	[illegible]
૭	૮	૯	૧	૧૧	૧૨	૧	[illegible]	[illegible]	૪	૫	[illegible]
૮	૯	૧૦	[illegible]	[illegible]	૧	૨	[illegible]	૪	૫	૬	૭
૯	૧૦	૧	[illegible]	૧	૨	૩	[illegible]	૫	૬	૭	૮
૧૦	૧૧	૧૨	[illegible]	[illegible]	[illegible]	૪	૫	૬	૭	૮	[illegible]
૧	[illegible]	૧	[illegible]	[illegible]	૪	૫	૬	[illegible]	૮	૯	૧
૧૨	[illegible]		[illegible]	[illegible]	૫	૬	૭	૮	૯	૧	૧૧

નું વચનામૃત.

ઘણું સુખ થાય, ક્લેશ ન થાય, અર્થ પૂર્ણ થાય.
મહાભારત થાય, અસુભ, જીવ નાશ થાય.
અર્થ પૂર્ણ થાય, કામના પૂર્ણ થાય.
ક્લેશ થાય, જીવ નાશ થાય, કુશળસુ ઘેર ના આવે.
વસ્તુ લાભ થાય, મિત્ર મળે, વ્યાધી મટે.
મહાચિંતા થાય, વિયોગ થાય, કદાચિત્ ઘેર આવે
સૌભાગ્ય પામે, રત્ન સહિત સારી રીતથી ઘેર આવે.
મેલાપ ન થાય, બહુજ ખરાબ થાય, જીવ નાશ થાય.
આશા પૂર્ણ થાય, સૌભાગ્ય પામે, કામના સિદ્ધ થાય.
સૌભાગ્ય પામે, દિવસ વધારે થાય, કુશળથી ઘેર આવે.
ક્લેશ થાય, જીવ નાશ નહિ, સૌભાગ્ય પામે નહિ.
માર્ગમાં સિદ્ધિ, મિત્ર મળે, વિઘ્ન મટે, ધનનો લાભ.

નિત્ય નિયમના પાઠ.

શ્રીસર્વોત્તમ સ્તોત્ર.

પ્રાકૃત ધર્માનાશ્રયમ પ્રાકૃત નિખિલ ધર્મરૂપ મિતિ ।
નિગમ પ્રતિપાદ્યં યત્તચ્છુદ્ધંસાકૃતિસ્તૌમિ ॥ ૧ ॥

અર્થ—શ્રીવિઠ્ઠલનાથજી કહે છે કે જે પ્રાકૃત ધર્મના આશ્રયથી રહિત અને સમગ્ર અલૌકીક ધર્મરૂપ છે. એ રીતે વેદમાં પ્રતીપાદન કરેલું, અને સાકાર અને શુદ્ધ સ્વરૂપ છે તેની સ્તુતિ કરૂં છું. ૧

કલિકાલતમશ્ચ્છન્ન દૃષ્ટિત્વાદ્વિદુષામપિ ॥
સંપ્રત્યવિષયસ્તસ્ય માહાત્મ્યંસમભૂદ્ભુવિ ॥ ૨ ॥

અર્થ—જ્ઞાતા પુરૂષોની પણ જ્ઞાનદૃષ્ટિ કલિકાલરૂપ અંધકારથી આચ્છાદિત છે. માટે તે સ્વરૂપનું માહાત્મ્ય હાલ પૃથ્વીમાં અપરિચિત થયુ છે. ૨

દયયાનિજમાહાત્મ્યં કરિષ્યન્પ્રકટંહરિઃ ॥
વાણ્યાયદાતદાસ્વાસ્યં પ્રાદુર્ભૂતંચકારહિ ॥ ૩ ॥

અર્થ—જ્યારે દયાવડે શ્રીહરિને પોતાના વચનદ્વારા પોતાનું મહાત્મ્ય પ્રગટ કરવાની ઇચ્છા થઇ ત્યારે પોતાનું મુખારવિંદ પ્રાદુર્ભાવ કર્યું; ૩

તદુક્તમપિદુર્બોધં સુબોધંસ્યાદ્યથાતથા ॥

તથાપ્યષ્ટોત્તરશતં પ્રવક્ષ્યામ્યખિલાઘહૃત્ ॥ ૪ ॥

અર્થ—પણ તેનું કહેવું દુર્બોધ છે માટે જેવી રીતે સુબોધ થાય તેવી રીતે સમગ્ર પાપને હણનાર તે શ્રીમહાપ્રભુજીના એકસો આઠ નામ કહું છું. ૪

ઋષિરગ્નિકુમારસ્તુ નામ્નાં છંદો જગત્યસૌ ॥
શ્રીકૃષ્ણાસ્યં દેવતા ચ બીજં કારુણિકઃ પ્રભુઃ ॥ ૫ ॥

અર્થ—આ સ્તોત્રના ઋષિ અગ્નિકુમાર છે અને જગતી છંદ છે. તથા શ્રીકૃષ્ણાસ્ય દેવતા છે અને કારૂણીક પ્રભુ એ બીજ છે. ૫

વિનિયોગો ભક્તિયોગઃ પ્રતિબંધ વિનાશને ॥
કૃષ્ણાધરામૃતાસ્વાદ સિદ્ધિરત્ર ન સંશયઃ ॥ ૬ ॥

અર્થ—અને આ સર્વોત્તમ સ્તોત્રમાં પ્રતિબંધ નાશ કરવા-

સારૂ વિનિયોગ કહેતાં પ્રયોજન ભક્તિયોગ છે. અને કૃષ્ણના અધરામૃત સ્વાદની અહીં સિદ્ધિ છે એમાં કાંઈ સંશય નથી. ૬

આનંદઃ પરમાનંદઃ શ્રીકૃષ્ણાસ્યં કૃપાનિધિઃ
દૈવોદ્ધારપ્રયત્નાત્મા સ્મૃતિમાત્રાર્તિનાશનઃ ॥ ૭ ॥

અર્થ—આનંદરૂપ અને પરમાનંદરૂપ શ્રીકૃષ્ણના મુખારવિંદરૂપ અને કૃપાનાભંડારરૂપ અને દૈવી જીવોના ઉદ્ધાર કરવાસારૂ પોતાના મનમાં યત્ન કરનારા અને સ્મરણ માત્રથી પીડાને નાશ કરનાર એવા શ્રીમહાપ્રભુજી છે, ૭

શ્રીભાગવતગૂઢાર્થ પ્રકાશનપરાયણઃ ॥
સાકારબ્રહ્મવાદૈક સ્થાપકો વેદપારગઃ ॥ ૮ ॥

અર્થ—શ્રીભાગવતના ગૂઢ અર્થને પ્રકાશ કરવામાં તત્પર એવા

અને સાકાર બ્રહ્મવાદના સ્થાપન કરનારા અને વેદના પાર પામેલા એવા શ્રીઆચાર્ય મહાપ્રભુજી. ૮

માયાવાદનિરાકર્ત્તા સર્વ વાદિ નિરાસકૃત્ ॥
ભક્તિમાર્ગાબ્જમાર્તંડ: સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમ: ॥ ૯ ॥

અર્થ—માયાવાદનો નિરાસ કરનાર, અને સર્વે માયાવાદીઓને નિરાસ કરનાર અને ભક્તિમાર્ગરૂપ કમલમાં સૂર્યરૂપ અને સ્ત્રીઓ તથા શુદ્રાદિક ઉદ્ધાર કરવામાં સમર્થ એવા શ્રીમહાપ્રભુજી. ૯

અંગીકૃત્યૈવ ગોપીશ વલ્લભીકૃત માનવ:
અંગીકૃતો સમર્યાદો મહાકારૂણિકો વિભૂ: ॥ ૧૦ ॥

અર્થ—અંગીકાર કરવાને વિષે મર્યાદાવાળા અને મહા દયાળુ, અને પોતે અંગીકાર કરીને ગોપીપતિ શ્રીકૃષ્ણ ભગવાનમાં

મનુષ્યોનો વાત્સલ્ય કરાવનાર એવા અને સર્વ સમર્થ શ્રીમહાપ્રભુજી, ૧૦

અદેયદાનદક્ષશ્ચ મહોદારચરિત્રવાન્ ॥
પ્રાકૃતાનુકૃતિવ્યાજ મોહિતાસુરમાનુષ: ॥ ૧૧ ॥

અર્થ—ન આપી શકાય એવાં દાન દેવા સમર્થ એવા, અને ઉદાર ચરિત્રવાળા અને પ્રાકૃત જનને અનુસરવાના મીષેથી આસુરી જનોને મોહીત કરનાર. ૧૧

વૈશ્વાનરો વલ્લભાખ્ય: સદ્રૂપોહિતકૃત્સતાઞ્ ॥
જનશિક્ષાકૃતેકૃષ્ણ ભક્તિકૃન્નિખિલેષ્ટદ: ॥ ૧૨ ॥

અર્થ—અગ્નિથી ઉત્પન્ન થએલા વલ્લભનામવાળા સારા રૂપ-વાળા સત્પુરૂષોના હીતકારી, મનુષ્યોને શીખવવા સારૂ શ્રીકૃષ્ણની ભક્તિ કરનારા, સમગ્ર ઇચ્છીત વસ્તુને આપનાર એવા શ્રી આચાર્યજી મહાપ્રભુજી છે. ૧૨

સર્વલક્ષણસંપન્નઃ શ્રીકૃષ્ણજ્ઞાનદો ગુરૂઃ ॥
સ્વાનંદતુંદિલઃ પદ્મદલાયતવિલોચનઃ ॥ ૧૩ ॥

અર્થ—સર્વ લક્ષણથી યુક્ત, શ્રી કૃષ્ણના જ્ઞાનને દેનાર, અને ગુરૂ અને પોતાના સ્વરૂપે કરીને આનંદવાળા પદ્મના દલ સરખા વીશાળ નેત્રવાળા એવા શ્રીમહાપ્રભુજી. ૧૩

કૃપાદૃગ્વૃષ્ટિસંહૃષ્ટ દાસદાસી પ્રિયઃપતિઃ ॥
રોષદૃક્પાતસંપ્લુષ્ટ ભક્તદ્વિડભક્તસેવિતઃ ॥ ૧૪ ॥

અર્થ—કૃપાયુક્ત દ્રષ્ટિરૂપ વૃષ્ટિવડે ખુશી થયેલા દાસદાસી જનોને પ્રીય, અને રોષવાળી દ્રષ્ટીવડે ભક્તોના દ્વેષીયોને બાળી નાંખનાર, અને ભક્તોએ સેવેલા એવા શ્રીમહાપ્રભુજી. ૧૪

સુખસેવ્યો દુરારાધ્યો દુર્લભાંઘ્રિસરોરૂહઃ ॥

ઉગ્રપ્રતાપો વાક્સીંધુ પૂરિતાશેષસેવકઃ ॥ ૧૫ ॥

અર્થ—સુખે કરીને સેવવા યોગ્ય, દુઃખે કરીને આરાધના કરવા યોગ્ય, જેમના ચર્ણરૂપી કમલ દુર્લભ છે, ઉગ્ર પ્રતાપવાળા, વાણીરૂપ અમૃતવડે સમગ્ર સેવકોને પુર્ણ કરનાર. ૧૫

શ્રીભાગવતપીયૂષ સમુદ્રમથનક્ષમઃ ॥
તત્સારભૂતરાસસ્ત્રી ભાવપૂરિતવિગ્રહઃ ॥ ૧૬ ॥

અર્થ—શ્રીભાગવતરૂપ અમૃતનો સમુદ્ર તેની કથા કરવામાં સમર્થ અને તે ભાગવતને વિષે સારભૂત એવી રાસક્રીડા સ્ત્રીભાવે કરી પરિપુર્ણ દેહવાળા. ૧૬

સાંનિધ્યમાત્રદત્ત શ્રીકૃષ્ણપ્રેમાવિમુક્તિદઃ ॥
રાસલીલૈકતાત્પર્યઃ કૃપયૈતત્કથાપ્રદઃ ॥ ૧૭ ॥

અર્થ—પોતાની સન્નિધિ માત્રમાં શ્રીકૃષ્ણને વિષે પ્રેમનું દાન કરનાર એવા અને મુક્તિને દેનારા રસ લીલામાં એક તાત્પર્યવાળા અને કૃપાવડે કરીને એ શ્રીકૃષ્ણની કથાને દેનારા. ૧૭

વિરહાનુભવૈકાર્થં સર્વત્યાગોપદેશકઃ ॥
ભક્ત્યાચારોપદેષ્ટાચ કર્મમાર્ગપ્રવર્ત્તકઃ ॥ ૧૮ ॥

અર્થ—કેવળ વિરહના અનુભવ સારૂ સર્વ ત્યાગનો ઉપદેશ કરનારા ભક્તિ વાસ્તે આચારનો ઉપદેશ કરનારા અને કર્મમાર્ગને પ્રવર્તાવનારા એવા શ્રીઆચાર્યજી. ૧૮

યાગાદૌ ભક્તિમાર્ગૈકસાધનત્વોપદેશકઃ ॥
પૂર્ણાનંદઃ પૂર્ણકામો વાક્પતિ વિબુધેશ્વરઃ ॥ ૧૯ ॥

અર્થ—યાગાદિ કર્મમાં ભક્તિ માર્ગનુંજ એક સાધનપણું છે

એવો ઉપદેશ કરનાર પૂર્ણ આનંદવાળા, પૂર્ણ કામનાવાળા, વાણીના અધિપતિ, વિબુધના ઇશ્વર એવા શ્રીઆચાર્યજી. ૧૯

કૃષ્ણનામસહસ્રસ્યવક્તાભક્તપરાયણ: ॥
ભક્ત્યાચારોપદેશાર્થં નાનાવાક્યનિરૂપક: ॥ ૨૦ ॥

અર્થ—શ્રીકૃષ્ણના હજાર નામને કહેનારા અને ભક્તોને શરણરૂપ અને ભક્તિ તથા આચારના ઉપદેશ સારૂ નાના પ્રકારના વાક્યને નિરૂપણ કરનારા એવા. ૨૦

સ્વાર્થોજ્ઝિતાખિલપ્રાણપ્રિયસ્તાદૃશવેષ્ટિત: ॥
સ્વદાસાર્થકૃતાશેષસાધન: સર્વશક્તિધૃક્ ॥ ૨૧ ॥

અર્થ—શ્રીઆચાર્યજી અર્થે અખિલ પ્રાણને અર્પણ કરનાર પુરૂષોને પ્રીય એવા અને તેવા તાદ્રશી પુરૂષોએ વીંટાએલા અને

પોતાના દાસને સારૂ સમગ્ર સાધન કરનાર અને સર્વ શક્તિને ધરણ કરનાર એવા શ્રીઆચાર્યજી. ૨૧

ભુવિભક્તિપ્રચારૈકકૃતે સ્વાન્વયકૃત્પિતા ॥
સ્વવંશેસ્થાપિતાઽશેષસ્વમાહાત્મ્યઃ સ્મયાપહઃ ॥ ૨૨ ॥

અર્થ—પૃથ્વીમાં કેવળ ભક્તિનો પ્રચાર કરવા સારૂ પોતાનો વંશ કરનાર અને પિતારૂપ અને પોતાના વંશને વિષે પોતાના સમગ્ર મહાત્મ્યનું સ્થાપન કરનાર અને ગર્વનો નાશ કરનાર એવા શ્રીમહાપ્રભુજી. ૨૨

પતિવ્રતાપતિઃપારલૌકિકૈહિકદાનકૃત્ ॥
નિગૂઢહૃદયો નન્યભક્તેષુજ્ઞાપિતાશયઃ ॥ ૨૩ ॥

અર્થ—પતિવ્રતાઓના પતિ અને પરલોક તથા આ લોક સંબંધી

દાન કરનાર અને ગૂઢ હૃદયવાળા અનન્ય ભક્તોમાં પોતાનું અંતઃકરણ જણાવનાર. ૨૩

ઉપાસનાદિ માર્ગાતિમુગ્ધમોહનિવારકઃ ॥
ભક્તિમાર્ગે સર્વમાર્ગવૈલક્ષણ્યાનુભૂતિકૃત્ ॥ ૨૪ ॥

અર્થ—ઉપાસનાદિ માર્ગોમાં અતિ મુગ્ધ પુરુષોના મોહને મટાડનાર, ભક્તિ માર્ગને વિષે સર્વ માર્ગથી વિલક્ષણ રીતે અનુભવ કરનાર એવા. ૨૪

પ્રથક્શરણમાર્ગોપદેષ્ટા શ્રીકૃષ્ણહાર્દવિત્ ॥
પ્રતિક્ષણનિકુંજસ્થલીલારસસુપૂરિતઃ ॥ ૨૫ ॥

અર્થ—જુદી રીતે શરણ માર્ગનો ઉપદેશ કરનાર, શ્રીકૃષ્ણના હાર્દને જાણનાર, ક્ષણે ક્ષણે નિકુંજમાં થએલી લીલાના રસે કરીને

પરિપૂર્ણ એવા. ૨૫

તત્કથાક્ષિપ્તચિત્તસ્તદ્વિસ્મૃતાન્યો વ્રજપ્રિયઃ ॥
પ્રિયવ્રજ સ્થિતિઃ પુષ્ટિલીલાકર્તારહઃ પ્રિય ॥ ૨૬ ॥

અર્થ—તે નિકુંજવનમાં શ્રીકૃષ્ણચંદ્ર સંબધી રાસલીલાની કથાવડે ચિત્તને ખેંચનાર અને તે કથા કરવા સારૂ અન્ય કથા વિરોધી કાર્યને વિસ્મરણ ભગાવનાર અને વ્રજમાં પ્રિતિવાળા અને પ્રિયવ્રજમાં સ્થિતિવાળા. અને પુષ્ટિ સંબંધી રાસલીલા કરનાર અને એકાંતિક ભક્તમાં પ્રીતિવાળા શ્રીઆચાર્યજી. ૨૬

ભક્તેચ્છાપૂરકઃ સર્વાજ્ઞાતલીલોઽતિમોહનઃ ॥
સર્વાસક્તો ભક્ત માત્રાસક્તઃ પતિત પાવનઃ ॥ ૨૭ ॥

અર્થ—ભક્તની ઇચ્છાને પૂર્ણ કરનાર બીજા સર્વ પુરૂષોને

અદ્ભુત છે લીલા જેની એવા, અને અત્યંત મોહ કરનાર, સર્વને વિષે આસક્તિ રહિત, અને કેવળ ભક્તને વિષે આસક્ત, અને પતિત પુરૂષોને પવિત્ર કરનારા, એવા શ્રીઆચાર્યજી, ૨૭

સ્વયશોગાનસંહૃષ્ટ હૃદયાંભોજવિષ્ટરઃ
યશઃપીયૂષલહરીપ્લાવિતાન્યરસઃ પરઃ ॥ ૨૮ ॥

અર્થ—પોતાનો જશ ગાવાથી પ્રસન્ન થએલા ભક્તના હૃદયરૂપ કમળમાં આસન કરનાર યશ રૂપ અમૃતની લહેરથી ભીંજાવેલ છે અન્ય રસ જેણે એવા, અને શ્રેષ્ટ એવા શ્રીમહાપ્રભુજી, ૨૮

લીલામૃતરસાર્દ્રાર્દ્રી કૃતાખિલશરીરભૃત્ ॥
ગોવર્દ્ધનસ્થિત્યુત્સાહસ્તલ્લીલાપ્રેમપૂરિતઃ ॥ ૨૯ ॥

અર્થ—લીલારૂપ અમૃત સંબંધી રસાર્દ્ર ભાવવડે સકલ શરીર

ધારીને રમતાળાં કરનાર, અને શ્રીગોવર્દ્ધન ગિરિરાજની સ્થિતિમાં ઉત્સા-હવાળા અને તે શ્રીભગવદ્ લીલામાં પ્રેમરસ વડે પરિપુર્ણ એવા, શ્રીમહાપ્રભુજી, ૨૯

યજ્ઞભોક્તા યજ્ઞકર્ત્તા ચતુર્વર્ગવિશારદઃ ॥
સત્યપ્રતિજ્ઞસ્ત્રિગુણાતીતો નયવિશારદઃ ॥ ૩૦ ॥

અર્થ—યજ્ઞભોક્તા અને યજ્ઞકર્તા, તથા ધર્મ, અર્થ, કામ અને મોક્ષને દેવામાં ડહાપણ વાળા, સત્યપ્રતિજ્ઞાવાળા, ત્રણ ગુણથી રહિત અને નિતિમાં ચતુર એવા શ્રીઆચાર્યજી, ૩૦

સ્વકીર્તિવર્દ્ધનસ્તત્વ-સૂત્રભાષ્યપ્રદર્શકઃ ॥
માયાવાદાખ્યતૂલાગ્નિ બ્રહ્મવાદ નિરૂપકઃ ॥ ૩૧ ॥

અર્થ—પોતાની કીર્તિને વધારનાર અને સાંખ્ય, તત્વ, અને

વ્યાસસૂત્રના ભાષ્યને કરનાર અને માયાવાદરૂપ કપાસમાં અગ્નિ સરખા અને બ્રહ્મવાદને નિરૂપણ કરનાર એવા શ્રીઆચાર્યજી. ૩૧

અપ્રાકૃતાખિલાકલ્પ-ભૂષિતઃ સહજ સ્મિતઃ ।
ત્રિલોકીભૂષણં ભૂમિ-ભાગ્યં સહજસુંદરઃ ॥ ૩૨ ॥

અર્થ—અલૌકિક સર્વ શૃંગારવડે સુશોભિત અને સહજ હાસ્ય-વાળા ત્રણ લોકમાં ભૂષણ સરખા અને પૃથ્વીના ભાગ્યરૂપ, તથા સહજ સુંદર એવા શ્રીમહાપ્રભુજી. ૩૨

અશેષભક્તસંપ્રાર્થ્ય ચરણાબ્જરજોધનઃ ।
ઇત્યાનંદનિધેઃ પ્રોક્તં નામ્નામષ્ટોત્તરંશતં ॥ ૩૩ ॥

અર્થ—જેના ચરણકમળના રજરૂપી ધન અશેષ ભક્તજનોએ સંપ્રાર્થનીય છે (એટલે સારી રીતે ઇચ્છા કરવા યોગ્ય છે) એવા

શ્રીઆચાર્યજી મહાપ્રભુજી છે, એ પ્રમાણે આનંદના સમુદ્રરૂપ શ્રીમહાપ્રભુજીનાં એકસોને આઠ નામ કહ્યાં. ૩૩

શ્રદ્ધાવિશુદ્ધબુદ્ધિર્યઃ પઠત્યનુદિનં જનઃ ॥
સતદેકમનાઃ સિદ્ધિ-મુક્તાં પ્રાપ્નોત્ય સંશયઃ ॥ ૩૪ ॥

અર્થ—શ્રદ્ધાવડે વિશુદ્ધ બુદ્ધિવાળો જે મનુષ્ય હમેશાં તેને વિષે નિશ્ચય મનવાળો થઇને આ સ્તોત્રનો પઠ કરે, તો તે પુરૂષ કહેલી મહા સિદ્ધિને પ્રાપ્ત થાય એમાં કાંઇ સંશય નથી. ૩૪

તદપ્રાપ્તૌ વૃથા મોક્ષ સ્તદાપ્તૌ તદ્ગતાર્થતા ॥
અતઃ સર્વોત્તમં સ્તોત્રં જાપ્યં કૃષ્ણરસાર્થિભિઃ ॥ ૩૫ ॥

અર્થ—તે શ્રીઆચાર્યજીની પ્રાપ્તિ વિના મોક્ષ પણ વૃથા છે અને તે સ્વમાર્ગ સંબધી ફળની પ્રાપ્તિ થાય તો સાયુજ્યાદિક મોક્ષતું પણ

નિરર્થકપણું છે એ વાસ્તે આ સર્વોત્તમસ્તોત્રથી શ્રીકૃષ્ણચંદ્રરૂપ રસની ઇચ્છાવાળા પુરૂષોએ જપ કરવા યોગ્ય છે. ૩૫

અથ નવ રત્ન સ્તોત્રમ્ ॥

ચિંતા કાપિન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપિતિ ।
ભગવાનપિ પુષ્ટિ સ્થાન કરિષ્યતિ લૌકિકીંચગતિ ॥૧॥

અર્થ—આત્માનું પણ સમર્પણ કરનારા ભક્તોએ કદી પણ કોઇ જાતની ચિંતા કરવી નહિં. અનુગ્રહમાં રહેનાર ભગવાન લૌકિકગતિને નહિં કરે. ૧

નિવેદનં તુ સ્મર્તવ્ય સર્વથા તાદૃશૌ જનૈઃ ।
સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છા તઃ કરિષ્યતિ ॥ ૨ ॥

અર્થ—તેવા માણસો સાથે જરૂર ભગવાનને કરેલું નિવેદન સંભારવું. સર્વના ઈશ્વર સર્વના આત્મા પોતાની ઇચ્છાથી કરશે. ૨

સર્વેષાં પ્રભુ સંબંધો ન પ્રત્યેક મિતિસ્થિતિઃ
અતો અન્ય વિનિયોગે ચિંતા કાસ્વસ્યસો અપિચેત્ ॥૩।

અર્થ—ઈશ્વરનો સંબંધ સર્વની સાથે છે. એકની સાથે છે અને બીજાની સાથે નહિં તેમ નથી. માટે અન્યના વિયોગ (ઉપયોગ) માં પણ અને જે વિષે વિનિયોગ થયો હોય તે જો પોતાનો હોય તો- પણ શી ચિંતા? ૩

અજ્ઞાનાદથવા જ્ઞાનાત્કૃત-માત્મનિવેદનમ્ ।
યૈઃ કૃષ્ણ સાત્કૃત પ્રાણૈ સ્તેષાં કા પરિદેવના ॥ ૪ ॥

અર્થ—અજ્ઞાનથી અથવા જ્ઞાનથી શ્રીકૃષ્ણને જેણે આત્મનિ-

વેદન કરેલું છે તેવા ભક્તોને અર્થાત્ શ્રી કૃષ્ણની સાથે જેના પ્રાણો પણ પરાધીન છે તેવાઓને કઇ જાતની વેદના છે? (કોઇ જાતની પણ નથી.) ૪

તથા નિવેદને ચિંતા ત્યાજ્યા શ્રી પુરૂષોત્તમે ।
વિનિયોગેઽપિ સા ત્યાજ્યા સમર્થો હિ હરિઃ સ્વતઃ ॥૫॥

અર્થ—તેમજ શ્રી પુરૂષોત્તમ વિષયક નિવેદન ખાતે ચિંતા ન કરવી, વિનિયોગ વિષે પણ તે ચિંતા ન કરવી. કારણ કે શ્રી હરિ સર્વ સમર્થ છે.

લોકે સ્વસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ ।
પુષ્ટિ માર્ગ સ્થિતો યસ્માત્સાક્ષિણો ભવતા અખિલાઃ ॥૬॥

અર્થ—લોકમાં તથા વેદમાં શ્રી હરિ સ્થિતિને નહિ કરશે

જેથી શ્રી હરિ પુષ્ટિમાર્ગે સ્થિત છે તે માટે સર્વ સાક્ષી તરીકે આપો. ૬

સેવાકૃતિર્ગુરો રાજ્ઞા અબાધનં વા હરિચ્છયા ।
અતઃ સેવાપરંચિત્તં વિધાય સ્થીયતાં સુખમ્ ॥ ૭ ॥

અર્થ—ગુરુની આજ્ઞારૂપ સેવા કરવી. અથવા તેમાં જો હરિની ઇચ્છાથી તેનો બાધ થાય, તોપણ સેવાપર ચિત્તને રાખી સુખેથી રહેવું. ૭

ચિત્તોદ્વેગં વિધાયાપિ હરિર્યદ્યત્કરિષ્યતિ ।
તથૈવ તસ્યલીલેતિમત્વા ચિંતાંદ્રુતંત્યજેત્ ॥ ૮ ॥

અર્થ—ચિત્તમાં ચિંતા કરીને પણ જે જે ઇશ્વર કરશે, તે તે તેની લીલા માનીને તરત ચિંતાને છોડવી. ૮

તસ્માત્સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમઃ ।
વદદ્ભિરેવં સતતં સ્થેયમિત્યેવ મે મતિઃ ॥ ૯ ॥

અર્થ—માટે સર્વાત્મપણાથી "શ્રી કૃષ્ણ મારૂં શરણ" "શ્રી કૃષ્ણઃ સરણં મમઃ" આ અષ્ટક્ષર મંત્રનો ઉચ્ચાર કરતાંજ રહેવું. એ પ્રમાણે મારી બુદ્ધિ છે એમ શ્રી મહાચાર્યજી આગ્યા કરે છે. ૯

ચતુઃશ્લોકી.

સર્વદા સર્વભાવે ન ભજની યો વ્રજાધિપ ।
સ્વસ્યાય મેવ ધર્મોહિ નાન્યઃ ક્વાપિ કદાચન ॥ ૧ ॥

અર્થ—નિરંતર સર્વ ભાવથી શ્રી કૃષ્ણ ભજવા લાયક છે, આપણો (ભક્તજનનો) આજ (શ્રી કૃષ્ણ ભજનરૂપજ) નિશ્ચે ધર્મ.

ક્યાંય ક્યારે પણ બીજો ધર્મ નથી. ૧

એવં સદાસ્મ કર્તવ્યં સ્વયમેવ કરિષ્યતિ ।
પ્રભુઃ સર્વ સમર્થો હિ તતો નિશ્ચિંતતાં વ્રજેત્ ॥ ૨ ॥

અર્થ—એ પ્રમાણે હમેશ કરવું પ્રભુ પોતેજ કરશે. જરૂર ભગવાન્ સર્વ રીતે સમર્થ છે તેથી નિશ્ચિંતતાને પ્રાપ્ત થવું ૨

યદિ શ્રી ગોકુલાધીશો ધૃતઃ સર્વાત્મના હૃદિ ।
તતઃ કિમ પરં બ્રૂહિ લૌકિકૈ વૈદિકૈ રપિ ॥ ૩ ॥

અર્થ—જો શ્રી ગોકુલના સ્વામી (શ્રી કૃષ્ણ) સર્વાત્મ (તન, મન, ધન ઇત્યાદિ જે કોઇનો સંબંધ હોય તે સર્વથી) ભાવથી હૃદયમાં ધારણ કર્યા તો લૌકિક વૈદિક કર્મોથી બીજું શું ફલ અર્થાત્ બીજું કાંઇ પણ કરવાની જરૂર નથી. ૩

અતઃ સર્વાત્મનાશશ્વદ્ ગોકુલેશ્વર પાદયોઃ ।
સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્ય મિતિ મે મતિઃ ॥૪॥

અર્થ—માટે સર્વકાળ શ્રી ગોકુલેશ્વર (શ્રી કૃષ્ણનાં) બેઉ ચરણોનું સર્વાત્મભાવથી સ્મરણ અને ભજન છોડવું નહિં. આ પ્રમાણે મારી મતિ છે એમ શ્રી મહાચાર્યજી આજ્ઞા કરે છે.

અથ સિદ્ધાન્ત રહસ્યમ્

શ્રાવણસ્યામલે પક્ષે એકાદસ્યાં મહાનિશિ ।
સાક્ષાદ્ભગવતા પ્રોક્તં તદક્ષરશ ઉચ્યતે ॥ ૧ ॥

અર્થ—શ્રાવણ માસના શુકલ પક્ષમાં એકાદશીને દિવસે મધ્યરાતે સાક્ષાત (પ્રત્યક્ષ) ભગવાને જે કહ્યું છે તે અક્ષરે અક્ષર કહે-

વામાં આવે છે.+ ૧

બ્રહ્મ સંબન્ધ કરણાત્ સર્વેષાં દેહ જીવયોઃ ।
સર્વ દોષ નિવૃત્તિર્હિ દોષાઃ પંચવિધાઃ સ્મૃતાઃ ॥ ૨ ॥

અર્થ—બ્રહ્મ સંબંધ કરવાથી દેહ જીવને બંધેના સર્વ દોષોની

+ બ્રહ્મસંબંધ વખતે અપાતો સંપૂર્ણ ગદ્ય મંત્ર અધિકારીએ અરસ્પરસમાંજ ભણવાનો વિધિ છે તેથી તે અહીં આપ્યો નથી. એ મંત્ર શ્રી મદ્ વલ્લભાચાર્યજીને શ્રાવણ સુદ ૧૧ ની મધ્યરાતે પ્રાપ્ત થએલો હોવાથી આ સંપ્રદાયમાં દરવર્ષે ઘણા સેવકો એજ દિવસે અપવાસ કરી એ મંત્રની દીક્ષા ગ્રહણ કરે છે. દીક્ષા લેતી વખતે હાથના ખોબામાં તુલસીપત્ર, શ્રી હરિને સમર્પવા માટે શિષ્ય ધરી રાખે છે, તે ઉપરથી આ " બ્રહ્મ સંબંધ " કે " બ્રહ્મ સમર્પણ " દીક્ષાને " તુલસી લેવા " એમ ગુજરાતમાં કહેવામાં આવે છે.

નિવૃત્તિ થાય છે. તે દોષો પાંચ પ્રકારના કહ્યા છે. ૨

સહજા દેશ કાલોત્થા લોકવેદ નિરૂપિતા ।
સંયોગજાઃ સ્પર્શજા શ્ચ નમન્તવ્યાઃ કથંચન ॥ ૩ ॥

અર્થ—લોક તથા વેદશાસ્ત્ર નિરૂપિત તે દોષો પાંચ[1] પ્રકારના છે, ૧ સહજદોષ, ૨ દેશજદોષ, ૩ કાલજદોષ, ૪ સંયોગદોષ અને ૫ સ્પર્શજદોષ. આ દોષો આત્મનિવેદન કર્યા પછી કોઇ રીતે માનવા લાયક નથી. ૩

---

[1] પાંચ પ્રકારના દોષ આ પ્રમાણે છે.

સહજ દોષ એટલે જન્મ સાથેજ થનારો જેમકે શુદ્ર જાતમાં જન્મ. દેશજ દોષ મગધ દેશામાં જવું વગેરે. કાલજદોષ એટલે કળિયુગના બળથી અસત્કર્મમાં પ્રવૃત્તિ. ચોથો સંયોગજ દોષ એટલે ચાંડાલ વિગેરેના સંગથી થનારો દોષ. પાંચમો સ્પર્શજ દોષ એટલે જલાદિકના સ્પર્શથી થનારો દોષ.

અન્યથા સર્વ દોષાણાં ન નિવૃત્તિઃ કથંચન ।
અસમર્પિતવસ્તૂનાં તસ્માદ્વર્જન માચરેત્ ॥ ૪ ॥

અર્થ—બીજી રીતે સર્વ દોષોની નિવૃત્તિ કોઇ રીતે નથી, તેથી અસમર્પિત વસ્તુનો (અણપ્રસાદી પદાર્થનો) ત્યાગ કરવો.

નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદિતિ સ્થિતિ ।
ન મતં દેવદેવસ્ય સામિભુક્ત સમર્પણમ્ ॥ ૫ ॥

અર્થ—આત્મનિવેદન કરનારા ભગવદ્ ભક્તોએ સર્વ પદાર્થ ભગવાનને અર્પણ કરીનેજ પોતાનો નિર્વાહ પ્રસાદી પદાર્થથી કરવો. આ પ્રમાણે ભક્તિ માર્ગની સ્થિતિ (રીત) છે. પણ અડધો ભાગ પ્રથમથી જુદો કાઢી લઇને પોતે તેનો ઉપયોગ કરવો અને અડધો બચેલો ભાગ ભગવાનને અર્પણ કરવો, આમ ન કરવું. ૫

તસ્માદાદૌ સર્વ કાર્યે સર્વ વસ્તુ સમર્પણમ્ ।
દત્તાપહાર વચનં તથા ચ સકલં હરેઃ ॥ ૬ ॥

અર્થ—માટે પ્રથમ સર્વ કામમાં ભગવાનનેજ સર્વ વસ્તુનું સમર્પણ કરવું એકાદશ સ્કંધમાં ભગવાનને અર્પણ કરેલા પદાર્થનું ગ્રહણ ન કરવું આવું જે વચન છે તે બીજા માર્ગનું છે. ૬

ન ગ્રાહ્યા મિતિ વાક્યં હિ ભિન્ન માર્ગ પરં મતમ્ ।
સેવકાનાં યથા લોકે વ્યવહારઃ પ્રસિદ્ધ્યતિ ॥ ૭ ॥

અર્થ—ભગવાનને અર્પણ કરેલ પદાર્થ ન લેવો તે જુદા માર્ગનું વચન જાણવું. આ વાક્ય દાનમાર્ગ સાથે સંબંધ રાખનારૂં છે. જેમ સેવાના નિર્વાહ માટે ભગવાનને કોઇ સંખ્યાબંધ દ્રવ્ય યા ગામો અર્પણ કરવામાં આવ્યાં હોય, તો તે પાછાં લેવાયજ નહિ અને જો

લેવામાં આવે તો શાસ્ત્રવિરુદ્ધ છે. કારણ કે તે જ્ઞાનમાર્ગ સાથે સંબંધ રાખનારૂં કાર્ય છે. માટે આત્મનિવેદનમાં તો પોતાના આત્માનું પણ ભગવાનને અર્પણ કરવામાં આવે છે, તો પછી બીજી વસ્તુની તો વાતજ શી ? ઉદ્ધવજી વગેરે ભક્તોએ કરેલો સમર્પિત વસ્તુનો સ્વીકાર શ્રી ભાગવતમાં પ્રસિદ્ધ છે.

તથા કાર્યં સમર્પ્યૈવ સર્વેષાં બ્રહ્મતા તતઃ ।
ગંગાત્વં સર્વ દોષાણાં ગુણદોષાદિ વર્ણના ॥ ૮ ॥
ગંગાત્વેન નિરૂપ્યાસ્યા તદ્વદત્રાપિ ચૈવહિ ॥ ૯ ॥

અર્થ—જેમ જગતમાં સેવકોનો વ્યવહાર સ્પષ્ટ પ્રસિદ્ધ છે. તેમ સર્વ પદાર્થ ભગવાનને સમર્પણ કરવા અને તેનથી વ્યવહાર ચલાવવો. કારણ કે સમર્પણથી સર્વ પદાર્થને બ્રહ્મપણું પ્રાપ્ત થાય છે.

સર્વ દોષોને ગંગાપણું પ્રાપ્ત થાય છે. ગુણ્ દેવોનું વર્ણન ગંગાપણાથી નિરૂપણ કરવામાં આવે છે તેમ અહીં પણ જાણવું. ૮–૯.

અથ કૃષ્ણાશ્રયઃ

સર્વ માર્ગેષુ નષ્ટેષુ કલૌ ચ ખલધર્મિણિ ।
પાખણ્ડ પ્રચુરે લોકે કૃષ્ણ એવ ગતિર્મમ ॥ ૧ ॥

અર્થ—સર્વ માર્ગ નષ્ટ થયે છતે, પાખંડ મતો વાળો ખલ પુરૂષના ધર્મ રૂપ આ કલિયુગમાં શ્રી કૃષ્ણજ મારી ગતિ છે. ૧

મ્લેચ્છા ક્રાન્તેષુ દેશેષુ પાપૈકનિલયેષુ ચ ।
સત્પીડાવ્યગ્ર લોકેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥ ૨ ॥

અર્થ—પવિત્ર પવિત્ર સ્થાનો નીચ મનુષ્યોએ દબાવી લીધાં

એટલે કેવળ પાપોનાં જ રે સ્થાનો થયાં. અને સત્પુરૂષોને નીચ જ-
નોથી થતી પીડાઓને જોઇ લોકોનાં ચિત્ત વ્યગ્ર થઇ ગયાં. આવા
વખતમાં શ્રી કૃષ્ણજ મારી ગતિ છે. ૨

ગઙ્ગાદિ તિર્થવર્યેષુ દુષ્ટૈરેવાવૃતેષ્વિહ ।
તિરોહિતાધિદૈવેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥ ૩ ॥

અર્થ—આ પૃથ્વિમાં શ્રી ગંગાદિક જે ઉત્તમ તિર્થો છે તેઓ
પણ ચોતરફથી દુષ્ટોએ ઢંકાયાં છે. તેથી તેમાં રહેલા દેવે (સ્ના-
ન નહિ કરવાથી પાપોને મટાડનાર દેવતા) તે અંતર્ધાન થયા.
માટે શ્રી કૃષ્ણજ મારી ગતિ છે. ૩

અહંકાર વિમૂઢેષુ સત્સુ પાપાનુવર્તિષુ ।
લાભ પૂજાર્થયત્નેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥ ૪ ॥

અર્થ—અહંકારથી મૂઢ થયેલા, પાપોને અનુસરનારા, લાભ પૂજાને માટે યત્ન કરનારા, સત્પુરુષો થયે છતે હવે શ્રી કૃષ્ણજ મારી ગતિ છે. ૪

અપરિજ્ઞાનનષ્ટેષુ મંત્રેષ્વ વ્રતયોગિષુ ।
તિરોહિતાર્થં દેવેષુ કૃષ્ણ એવ ગતિ ર્મમ ॥ ૫ ॥

અર્થ—વ્રત તથા કર્મ એ વિનાના અને અજ્ઞાનથી નાશને પ્રાપ્ત થયેલા એટલે કે સત્તાથી રહિત થઇ ગયેલા મંત્રો થયા છતાં શ્રી કૃષ્ણજ મારી ગતિ છે. ૫

નાનાવાદવિનષ્ટેષુ સર્વ કર્મવ્રતાદિષુ ।
પાખણ્ડૈક પ્રયત્નેષુ કૃષ્ણ એવ ગતિ ર્મમ ॥ ૬ ॥

અર્થ—નાના પ્રકારના વાદોથી નાશને પહોંચેલા, પાખંડ મત.

માન થોડાની પ્રવૃત્તિ થઇ છે માટે સર્વ કર્મો થી વ્રતો નષ્ટ થયા છતાં શ્રી કૃષ્ણજ મારી ગતિ છે.

અજામિલાદિ દોષાણાં નાશકો અનુભવેસ્થિતઃ ।
જ્ઞાપિતાખિલ માહાત્મ્યઃ કૃષ્ણ એવ ગતિર્મમ ॥ ૭ ॥

અર્થ—અજામિલ વગેરે પાતકીઓનાં પાપોના પાન કરનારા શ્રી કૃષ્ણ અમારા અનુભવમાં રહ્યા છે, તેમજ શાસ્ત્રમાં પણ તેમનું મહાત્મ્ય સર્વ પ્રસિદ્ધ છે તે શ્રી કૃષ્ણ મારી ગતિ છે. ૭

પ્રાકૃતઃ સકલાદેવા ગણિતાનન્દકં બૃહત્ ।
પૂર્ણાનન્દો હરિસ્તસ્મા ત્કૃષ્ણ એવ ગતિર્મમ ॥ ૮ ॥

અર્થ—સર્વ દેવતાઓ પ્રકૃતિથી થયલા છે, અક્ષરબ્રહ્મ ગણિત આનંદવાળું છે. શ્રી હરિ પૂર્ણાનંદ છે. તેથી શ્રી કૃષ્ણજ મારી ગતિ છે. ૮

વિવેક ધૈર્ય ભક્ત્યાદિ રહિતસ્ય વિશેષતઃ ।
પાપાસક્તસ્ય દીનસ્ય કૃષ્ણ એવ ગતિર્મમ ॥ ૯ ॥

અર્થ—વિવેક, ધૈર્ય, ભક્તિ વિગેરેથી રહિત વિશેષે કરીને પાપમાં આસક્તિવાળો અને વળી દીન એવો હું તેની શ્રી કૃષ્ણજ ગતિ છે. ૯

સર્વ સામર્થ્ય સહિતઃ સર્વત્ર વાખિલાર્થકૃત્ ।
શરણસ્થ સમુદ્ધારં કૃષ્ણં વિજ્ઞાપયામ્યહમ્ ॥ ૧૦ ॥

અર્થ—સર્વ પ્રકારના સામર્થ્યવાળા, બધે ઠેકાણે સર્વ અર્થોને ઉત્પન્ન કરનાર શ્રી કૃષ્ણજ છે, તો હું તેમને જણાવું છું કે આપ શરણે આવે તેમનો ઉદ્ધાર કરો છો, માટે મારી પણ તેમજ પ્રાર્થના છે. ૧૦

કૃષ્ણાશ્રય મિદં સ્તોત્રં યઃ પઠેત્કૃષ્ણ સન્નિધૌ ।

તસ્યાશ્રયો ભવેત્ કૃષ્ણ ઇતિ શ્રી વલ્લભો બ્રવીત્ ॥ ૧૧ ॥

અર્થ—શ્રી કૃષ્ણાશ્રય નામક આ સ્તોત્રને જે માણસ શ્રીકૃષ્ણની પાસે ભણે તેના આશ્રયરૂપ શ્રી કૃષ્ણ થાય, એ પ્રમાણે શ્રીમહાચાર્યજી આજ્ઞા કરે છે. ઇતિશમ્.

અથ સેવા ફલમ્.

યાદૃશી સેવના પ્રોક્તા તત્સિદ્ધૌ ફલમુચ્યતે ।
અલૌકિકસ્યદાને હિ ચાદ્યઃ સિદ્ધ્યેન્મનોરથ ॥ ૧ ॥

અર્થ—જેવી સેવા કરવાને કહી છે તેની સિદ્ધિમાં જે ફલ થાય છે. તે હવે કહીએ છીએ. તે ફળ ત્રણ પ્રકારે થાય છે. એક અલૌકિક સામર્થ્ય, બીજું ભગવત્સાયુજ્ય, અને ત્રીજું ભગવત્સેવા

સાધક દેહ, તેમાં પ્રથમ જ્યારે અલૌકિક સામર્થ્યનું દાન ભગવાન્ તરફથી મળે છે ત્યારે સર્વ સંસારનાં દુઃખની નિવૃત્તિરૂપ " સિદ્ધાંત મુક્તાવલી " માં કહેલો પ્રથમ મનોરથ સિદ્ધ થાય છે. ૧

ફલં વા હ્યધિકારો વા ન કાલોઽત્ર નિયામકઃ ।
ઉદ્વેગઃ પ્રતિબંધો વા ભોગો વા સ્યાત્તુ બાધકમ્ ॥ ૨ ॥

અર્થ—ફળમાં અથવા અધિકારમાં (સાયુજ્ય માટે અથવા વૈકુંઠાદિ લોકમાં દેહની પ્રાપ્તિ માટે) કાંઈ સમય નિયામક નથી. સતયુગમાં તેમ થતું હતું અને આજે નહિ થાય એમ ન સમજવું. ગમે તે વખતે યોગ્ય સેવા થવી જોઈએ. ફળ નિરંતર થાય છે. ઉદ્વેગ (ચિત્તનું ચંચળપણું,) પ્રતિબંધ (બીજા કાર્યોમાં આ-સક્તિ,) અને વિષયભોગ. આ ત્રણ સેવામાં મુખ્ય બાધક છે. આ

વળી લૌકિક અલૌકિક ભેદથી બે પ્રકારના છે. તેમાં અલૌકિક હોય છે તે ભગવત્‌રચિત હોય છે. ૨

અકર્તવ્યં ભગવતઃ સર્વથા ચેદ્ગતિર્નહિ ।
યથાવાતત્ત્વ નિર્દ્ધારો વિવેકઃ સાધનં મતમ્ ॥ ૩ ॥

અથ પંચ પદ્યાનિ.

શ્રીકૃષ્ણરસ વિક્ષિપ્ત માનસા રતિવર્જિતાઃ ।
અનિર્વૃતા લોકવેદે તે મુખ્યાઃ શ્રવણોત્સુકાઃ ॥ ૧ ॥

અર્થ—ભગવદ્‌ભજનરૂપમાં વિક્ષિપ્ત મનવાળા એટલે જેને ભગવાનના ભજનનીજ સદોદિત શ્રમણા લાગેલી એવા, બીજે કોઇ રતિ વિનાના, લોક વેદમાં પ્રવૃત્તિ વિનાના, અને ભગવદ્‌ભજન-કથા-શ્રવણાદિકમાંજ પરાયણ રહેનારા જનો ઉત્તમ ભક્તો જાણવા ૧

વિક્ષિપ્તમનસો યે તુ ભગવત્સ્મૃતિ વિહ્વલાઃ ।
અર્થૈક નિષ્ઠાસ્તેચાપિ મધ્યમાઃ શ્રવણોત્સુકાઃ ॥ ૨ ॥

અર્થ—ખેદયુક્ત ચિત્તવાળા ભગવત્સ્મરણમાં વિહ્વલ મનવાળા અને સ્વાર્થપરાયણ રહેનારા અને શ્રવણાદિકમાં સારોત્સુ કતાવાળા જેઓ હોય છે તેઓ મધ્યમ કોટીના ભક્તો જાણવા ૨

નિઃસંદિગ્ધં કૃષ્ણ તત્વં સર્વભાવેન યે વિદુઃ ।
તેત્વાવેશાતુ વિકલા નિરોધાદ્વા ન ચાન્યથા ॥ ૩ ॥

અર્થ—જેઓ ભગવદાવેશથી અથવા વિરહથી ચિત્તનો નિરોધ કરવામાં વ્યાકુલ થયેલા અને બીજી રીતે નહિ પણ નિઃસંદેહ સર્વાત્મભાવથી શ્રી કૃષ્ણસ્વરૂપ તત્વને જાણનારા હોય છે. ૩

પૂર્ણ ભાવેન પૂર્ણાર્થાઃ કદાચિ ન્નતુ સર્વદા ।

અન્યા સક્તાસ્તુ યે કેચિ દધમાઃ પરિકીર્તિતાઃ ॥ ૪ ॥

અર્થ—કદાચિત્ પૂર્ણભાવથી પૂર્ણ મનોરથવાળા કોઇ વખતે વિષયવાસનાથી આસક્તિવાળા, કોઇ વખત નહિ પણ આવી રીતના જે ભક્તો તેઓ હિન (અધમ) કોટીના જાણવા, ૪

અનન્ય મનસા મર્ત્યા ઉત્તમાઃ શ્રવણાદિષુ ।
દેશકાલ દ્રવ્ય કર્તૃ મંત્ર કર્મ પ્રકારતઃ ॥ ૫ ॥

અર્થ— જે મનુષ્યો ભગવદ્ભજનશ્રવણાદિકમાં દેશકાલાદિ. કમાં અનન્ય મન રાખી કેવળ ભગવત્પરાયણ થઇનેજ રહે છે તેઓ ભક્તિ કરવામાં ઉત્તમ સ્થિતિના જાણવા. ૫

શ્રી ચતુઃશ્લોકી ભાગવત.

શ્રી ભગવાન બોલ્યા—હે બ્રહ્મા!! હું તમને ભક્ત અનુભવ

સાથે મારા ખરા સ્વરૂપનું જ્ઞાન તથા તેનાં સાધનો કહુંછું, તે તમે ગ્રહણ કરો—સાંભળો. વળી મારૂં જેવું સ્વરૂપ, જેવી સત્તા તથા જેવાં રૂપો, ગુણો અને કર્મો છે તે સર્વનું મારા અનુગ્રહથી તમને યથાર્થ જ્ઞાન થાઓ.

હે બ્રહ્મા! સૃષ્ટિની પૂર્વે હુંજ હતો, તે વખતે સ્થૂલ તથા સૂક્ષ્મરૂપ માયા વગેરે બીજું કાંઇ ન હતું, સૃષ્ટિની પછી પણ હુંજ રહ્યો છું. જે આ સર્વ પ્રપંચ દેખાય છે, તે પણ હુંજ છું તથા પ્રલય થયા પછી જે વસ્તુ બાકી રહે છે તે પણ હુંજ છું અર્થાત્ હું અનાદિ, અનંત તથા અદ્વિતિય હોવાથી પૂર્ણસ્વરૂપ છું.

જે વસ્તુ, વસ્તુતાએ ખરી ન હોય તે વસ્તુની પ્રતીતિ થવી અને જે વસ્તુ ખરી હોય પણ તે દેખાય નહિ તે મારી માયા જાણવી. દૃષ્ટાંતમાં જેમ ચંદ્ર એક છે, બે નથી. છતાં આંખના વિકારથી

ભાસે છે, તેમ આ જગત્ વસ્તુતાએ ખોટું છે છતાં સાચું ભાસે છે. વળી ગ્રહોમાં જેમ રાહુ એક ગ્રહ છે તોપણ તે દેખાતો નથી તેમજ આત્મા સર્વનો સાક્ષી છે, પણ માયાથી આચ્છાદિત હોવાને લીધે દેખાતો નથી.

જેમ પંચ મહાભૂતો સૃષ્ટિ સરજ્યા પછી ભૌતિક પદાર્થોમાં અર્થાત્ ઉત્તમ, મધ્યમ દેહમાં પ્રવેશ કરીને રહેલાં હોય તેમ જણાય છે કારણ કે તેઓમાં રહેલાં જોવામાં આવે છે, પરંતુ તેઓ દેહાદિકના કારણરૂપ હોવાથી પાછળથી તેઓમાં પ્રવેશ કરીને રહ્યાં હોય તેમ નથી પરંતુ મુળથીજ તેઓમાં છે તેમ હું આ ભૌતિક પદાર્થોમાં પાછળથી પ્રવેશ કરીને રહ્યો નથી પરંતુ તેના કારણરૂપે પ્રથમથીજ તેઓમાં પ્રવેશ કરીને રહ્યો છું અર્થાત્ મારી એવી સત્તા છે.

આત્માના સ્વરૂપને જાણવાવાળા પુરૂષે એટલુંજ જાણવું જો-

તું છે કે અન્વય તથા વ્યતિરેક વડે સર્વ [illegible] જે રહે છે તેને આત્મા જાણવો.

હે બ્રહ્મા! તમે પરમ સમાધિ વડે [illegible] આ મતને અનુસરો જેથી કલ્પે કલ્પે વિવિધ [illegible] તેમાંએ "હું સ્વતંત્ર કર્તા છું" એવો [illegible] થશે નહિ.

ઇતિશ્રી મહાપુરાણ ભાગવત [illegible] અઢારહજાર શ્લોકોવાળી સંહિતાના દ્વિતીય [illegible] બ્રહ્માના સંવાદમાં ચતુઃશ્લોકી ભાગવત સંપૂર્ણ થયું.



શ્રી નારાયણકવચ.

શ્રી મદ્ ભાગવત ૬, ૮.

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા ! પુરોહિત બનાવેલા વિશ્વરૂપે ઇંદ્રે પૂછ્યું, ત્યારે તેણે તેને જે નારાયણ કવચ કહ્યું હતું, તે તમને હું કહું છું, તે એક ચિત્તે સાંભળો.

વિશ્વરૂપ કહે છે—હે ઇંદ્ર ! કોઇ પણ જાતનો ભય પાસે આવ્યો હોય ત્યારે મનુષ્યે હાથ પગ ધોઇ, આચમન કરી, દર્ભની પવિત્રી (વીંટી) ધારણ કરીને ઉત્તર દિશા તરફ મુખ રાખીને બેસવું. પછી અષ્ટાક્ષર તથા દ્વાદશ અક્ષરના મંત્રથી અંગન્યાસ તથા કરન્યાસ કરીને મૌન ધારણ કરી પવિત્ર થઇને નારાયણકવચને ધારણ કરવું. [1]ૐ નમો નારાયણાય. આ અષ્ટાક્ષરના મંત્રના ૐ કારથી

1 ઉપવિત સંસ્કાર પામેલાએ ૐ લેવો, બીજાએ મુકી દેવો.

અક્ષરોના અનુક્રમથી બે પગ, બે ગોઠણ, બે સાથળ, પેટ, હૃદય, વક્ષઃ સ્થળ, મુખ અને મસ્તકમાં ન્યાસ કરવો અથવા ય થી માંડીને ઉલટા અનુક્રમથી એ અક્ષરોનો મસ્તકાદિ અંગોમાં ન્યાસ કરવો. પછી ૐ નમો ભગવતે વાસુદેવાય. એ દ્વાદશ અક્ષરના મંત્રનો આંગળીમાં તથા અંગુઠાના પર્વોમાં ન્યાસ કરવો. મંત્રના પ્રત્યેક અક્ષરને ૐકારથી સંપુટ કરીને જમણા હાથની તર્જનીથી ડાબા હાથની તર્જની સુધી આઠ આંગળીઓમાં આઠ અક્ષરોનો અને બે અંગુઠાનાં ઉપરનાં બે પર્વોમાં તથા નીચેના બે પર્વમાં બાકીના ચાર અક્ષરોનો ન્યાસ કરવો. પછી ૐ વિષ્ણવે નમઃ એ મંત્રથી અંગન્યાસ કરવો. તેમાં ૐકારનો હૃદયમાં વિ કારનો, મસ્તકમાં ષ કારનો, ભ્રકુટિના મધ્ય ભાગમાં, ણ કારનો શિખામાં, વે કારનો નેત્રોમાં, ન કારનો સર્વ સંધિઓમાં અને મ કારનો મઃ અસ્ત્રાયફટ્ એમ કહીને સર્વ દિશામાં ન્યાસ

કહ્યો. આ પ્રમાણે જ્ઞાની પુરુષે મંત્ર મૂર્તિ થવું. પછી ધ્યાન કરવા યોગ્ય, ઐશ્વર્યાદિક છ શક્તિઓવાળા અને વિદ્યા, તેજ તથા તપરૂપ મૂર્તિવાળા પરમાત્માનું ધ્યાન ધરીને નીચે પ્રમાણે નારાયણ કવચનો પાઠ કરવો. ગરૂડની પીઠ ઉપર ચરણકમળને ધારણ કરનારા, આઠ સિદ્ધિઓવાળા અને આઠ ભુજાઓમાં શંખ, ચક્ર, ગદા, ઢાલ, તરવાર, બાણ, ધનુષ્ય, અને પાશને ધારણ કરનારા શ્રી હરિ મારૂં સર્વ પ્રકારે રક્ષણ કરો. જળમાં મત્સ્યાવતાર ભગવાન જળ જંતુરૂપ વરૂણના પાશથી મારી રક્ષા કરો, માયાથી બટુક બનેલા વામન ભગવાન સ્થળમાં મારી રક્ષા કરો, સર્વ બ્રહ્માંડરૂપ ત્રિવિક્રમ ભગવાન આકાશમાં મારી રક્ષા કરો, વન અને સંગ્રામ વગેરે સંકટનાં સ્થળોમાં અસુરસમૂહના શત્રુ નૃસિંહ ભગવાન મારી રક્ષા કરો, કે જે ભગવાન ભારે અટ્ટહાસ્યથી હસ્યા હતા ત્યારે તેના શબ્દથી દીશાઓ

ગાજી ઉઠી હતી અને સ્ત્રીઓના ગર્ભ પડી ગયા હતા. પોતાની દાઢેવડે પૃથ્વિનો ઉદ્ધાર કરનારા અને યજ્ઞરૂપ અવયવવાળા વરાહ ભગવાન માર્ગમાં મારી રક્ષા કરો. પર્વતોનાં શિખરોપર પરશુરામજી મારી રક્ષા કરો. અને પ્રવાસમાં ભરતજીના વડિલ બંધુ રામ લક્ષ્મણ મારી રક્ષા કરો. અભિચાર વગેરે ઉગ્ર ધર્મથી તથા પ્રમાદથી નારાયણ મારી રક્ષા કરો. ગર્વથી નર ભગવાન મારી રક્ષા કરો યોગેશ્વર દત્તાત્રય યોગના વિનાશથી મારી રક્ષા કરો. ગુણોના સ્વામી કપિલદેવ કર્મબંધનથી મારી રક્ષા કરો. કામદેવથી સનત્કુમાર મારી રક્ષા કરો. માર્ગે જતાં દેવતાઓને નમસ્કાર નહિં કરવાથી થયેલા અપરાધથી હયગ્રીવ ભગવાન મારી રક્ષા કરો. દેવર્ષિ નારદજી ભગવદ્ભક્તિમાં થતા વિઘ્નથી મારી રક્ષા કરો. સર્વ નરકોથી કચ્છપ ભગવાન મારી રક્ષા કરો. કુપથ્યથી ધન્વંતરી મારી રક્ષા કરો. જીતેન્દ્રિય

ઋષભદેવ ભગવાન્ કામ ક્રોધાદિકના ભયથી મારી રક્ષા કરો. લોકા-
પવાદથી યજ્ઞપુરુષ મારી રક્ષા કરો. લોકોના ઉપદ્રવથી બળભદ્રજી
મારી રક્ષા કરો. ક્રોધવશ નામના સર્પ ગણોથી શેષ ભગવાન મારી
રક્ષા કરો. ભગવાન વેદવ્યાસ અજ્ઞાનથી મારી રક્ષા કરો. પ્રમાદવાળા
પાખંડીઓથી બુદ્ધદેવ મારી રક્ષા કરો. કાળના મળરૂપ કળિયુગથી
ધર્મના રક્ષણ માટે અવતાર ધારણ કરનાર કલ્કિ ભગવાન મારી
રક્ષા કરો. કેશવ ભગવાન પ્રભાતમાં ગદાથી મારી રક્ષા કરો. વાંસળી
ધારણ કરનારા ગોવિંદ ભગવાન સંગવકાળમાં મારી રક્ષા કરો.
શક્તિને ધારણ કરનારા નારાયણ ભગવાન પૂર્વાહ્ન કાળમાં મારી
રક્ષા કરો. ચક્ર ધારણ કરનારા વિષ્ણુ ભગવાન મધ્યાહ્ન કાળમાં
મારી રક્ષા કરો. ઉગ્ર ધનુષ્યવાળા મધુદૈત્યને મારનારા ભગવાન અપ-
રાહ્ન કાળમાં મારી રક્ષા કરો. બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર એ ત્રિમૂર્તિ

માધવ ભગવાન સાયંકાળમાં મારી રક્ષા કરો. ઇંદ્રિયોના સ્વામી ભગવાન પ્રદોષ કાળમાં મારી રક્ષા કરો. એકલા પદ્મનાભ ભગવાન મધ્ય રાત્રિએ મારી રક્ષા કરો. શ્રી વત્સના ચિન્હવાળા ભગવાન પાછલી રાતે મારૂં રક્ષણ કરો. ખડ્ગ ધારણ કરનારા જનાર્દન ભગવાન મળસ્કામાં મારી રક્ષા કરો. દામોદર ભગવાન પ્રભાતમાં મારી રક્ષા કરો. કાળમૂર્તિ વિશ્વેશ્વર ભગવાન સર્વ સન્ધિયોમાં મારી રક્ષા કરો. હે પ્રલયકાળના અગ્નિ જેવા તીક્ષ્ણ ધારવાળા ભગવાને મુકેલા ચક્ર! તું ચારે તરફ ફરીને વાયુ સહિત અગ્નિ જેમ ઘાસને બાળી નાખે છે, તેમ શત્રુઓની સેનાને તુરત બાળી મુક. હે વજ્ર જેવા સ્પર્શવાળી ભગવાનની પ્યારી ગદા! તું કુષ્માંડ, વિનાયક, યક્ષ, રાક્ષસ, ભૂત, ગ્રહો તથા શત્રુઓને ભાંગી નાંખીને ચુરે ચુરા કરી નાંખ. હે પાંચજન્ય શંખ! ભયંકર શબ્દવાળો તું ભગવાને ફુંકવાથી ભયંકર શબ્દ

કરી શત્રુઓના હૃદયને કંપાવી રાક્ષસ, પ્રમથ, પ્રેત, માતૃકા, પિશાચ અને બ્રહ્મરાક્ષસ વગેરે ઘોર દૃષ્ટિવાળાઓને ભગાવી દે, હે તિક્ષ્ણ ધારવાળી તરવાર ! તું ભગવાનના હાથથી પ્રેરાઇને શત્રુઓની સેનાને કાપી નાંખ. હે ચંદ્ર જેવી સો ફુદડીવાળી ઢાલ ! તું પાપી શત્રુઓની આંખોને ઢાંકી દે અને કુદૃષ્ટિવાલાઓની દૃષ્ટિને હરી લે. અમને ગ્રહ, કેતુ, મનુષ્ય, સર્પ, દાઢવાળાં જનાવર તથા પાપથી જે ભય લાગે છે તે સર્વનો તથા અમારા કલ્યાણમાં વિઘ્ન કરનારનો ભગવાનના નામ રૂપી અસ્ત્રના કિર્તનથી તુરત નાશ થાઓ. વેદનાં સ્તોત્રોથી સ્તુતિ કરાતા, વેદમય અને સમર્થ ગરૂડ ભગવાન સર્વ સંકટોથી મારી રક્ષા કરો, વિશ્વક્સેન ભગવાન પોતાનાં નામોથી મારી રક્ષા કરો.-ભગવાનનાં નામ, રૂપ અને આયુધો સઘળી આપત્તિઓથી મારી રક્ષા કરો. ભગવાનના મુખ્ય પાર્ષદો અમારી બુદ્ધિ,

ઈન્દ્રિયો, મન તથા પ્રાણની રક્ષા કરો. આ સર્વ સચરાચર જગત્ પરમેશ્વર ભગવાનનુંજ સ્વરૂપ છે, આ સત્યથી અમારા સર્વ ઉપદ્રવો-નો નાશ થાઓ. ભગવાન પોતે અભેદ દ્રષ્ટિવાળાઓની દ્રષ્ટિમાં ભેદ રહિતજ છે. તોપણ તે પોતાની માયાથી ભૂષણો, આયુધો અને ચિહ્નો નામની શક્તિઓને ધારણ કરે છે. એ વાત સત્ય છે, તો એ સત્ય પ્રમાણથી સર્વવ્યાપક અને સર્વજ્ઞ શ્રી હરિ ભગવાન પોતાનાં સર્વ સ્વરૂપો વડે સર્વ કાળમાં અને સર્વ ઠેકાણે અમારી રક્ષા કરો. નૃસિંહના નામની ગર્જનાથી લોકોના ભયને મટાડનારા અને પોતાના પ્રભાવથી દિગ્ગજ, શેષ, સૂર્ય, જળ, વાયુ અને અગ્નિ વગેરે સર્વ પદાર્થોના સામર્થ્યને ગળી જનારા ભગવાન પ્રહ્લાદ (નૃસિંહ) દિશાઓમાં, ખુણાઓમાં, ઉંચે, નીચે, અંદર, બહાર અને ચારે તરફ અમારી રક્ષા કરો.

વૈષ્ણવધર્મપ્રકાશ.

ગોસ્વામી શ્રી બાળકૃષ્ણલાલજી મહારાજના આશ્રય તળે દરમાસે શુદ ૧ નિયમીત બહાર પડે છે. આ માસિક ગયા વર્ષમાં ડેમી આઠ પેજ ઉપર નીકળતું હતું તેનું નોંછાવર પહોંચપાવણી સાથે રૂ.૧—૦—૦ હતું છતાં પ્રથમ વર્ષમાં તેના ગ્રાહકોને મનપસંદ છ ભેટો આપવામાં આવી છે.

હાલ ફાગણ માસથી આ માસિકનું કદ વધારી રૉયલ સાઇઝનું કરવામાં આવ્યું છે અને તેથી નોંછાવરમાં જુજ પાંચ આનાનો વધારો કરવામાં આવ્યો છે, નવા વર્ષનું નોંછાવર પહોંચપાવણી સાથે રૂ. ૧—૫—૦ અગાઉથી મોકલનારને ૦—૧—૦ ટપાલ ખર્ચ લઈ વૈષ્ણવોપયોગી પાઠપોથી એ નામનું નિત્યનિયમનું ઉપયોગી પુસ્તક

બીજા વર્ષની પહેલી ભેટ તરીકે આપવામાં આવ્યું છે, ગ્રાહક સિવાય-ના જેમને આ પુસ્તકની જરૂર હોય તેમણે ટપાલ ખર્ચ સાથે રૂ.૦-૯-૦ મોકલવા.

અમે તે માસમાં ગ્રાહક થઇ શકાય છે પરંતુ નોછાવર શરૂના ગ્રાહક ગણી તે પ્રમાણે અગાઉથી લેવામાં આવશે અને નોંછાવર ભરૈથી પાછલા અંકો પુરા પાડવામાં આવશે.

ગયા વર્ષના અંકોની જેમને જરૂર હોય તેમણે રૂા. ૧-૪-૦ મોકલેથી ૭ ભેટો સાથે અંક મોકલવામાં આવશે.

શા. દામોદરદાસ રેવાદાસ.
વ્યવસ્થાપક વૈષ્ણવધર્મપ્રકાશ.
પુનાદરા-માતરસુંબા થઇને.

વૈષ્ણવધર્મપ્રકાશ માસિકની ઓફિસે મળતાં પુસ્તકો ઇત્યાદી.

	કિંમત.	પોસ્ટેજ.
શ્રી વલ્લભચરિત્ર	૨—૦—૦	૦—૬—૦
શ્રી ભાગવત રત્નાર્ણવ સટીક	૦—૭—૦	૦—૧—૦
શ્રી વલ્લભાખ્યાન	૦—૧૨—૦	૦—૩—૦
ઉત્કવલીલા	૦—૮—૦	૦—૧—૦
વૈષ્ણવધર્મપ્રકાશ પુસ્તક ૧ લું	૧—૦—૦	૦—૪—૦
શ્રી ગોકુળનાથજીનું વચનામૃત	૦—૨—૦	૦—૦—૬
મહીકાંઠા ડીરેક્ટરી	૫—૦—૦	૦—૮—૦ [illegible]
હીરાનોહાર	ભેટ	૦—૦—૬
સર્વોત્તમસ્તોત્ર	ભેટ	૦—૦—૬

નીચે પ્રમાણે ફોટા તૈયાર છે. કિંમત ૧૦૦ પ્રતના રૂ. ૨—૦—૦ પોષ્ટેજ ૦—૨—૦.

૧ શ્રીમદ્ વલ્લભાચાર્યજી આચાર્યજી મહાપ્રભુજીનો કાર્ડસાઇઝ

૨ શ્રીમદ્ ગોસ્વામી શ્રી બાળકૃષ્ણલાલજી મહારાજનો સુરતની બેઠકનો શણગારનો કાર્ડસાઇઝનો.

૩ " " " " " કેબીનેટસાઇઝ

૪ શ્રીમદ્ ગોસ્વામી શ્રી દેવકીનંદનાચાર્યજી મહારાજનો "

૫ શ્રીમદ્ " અનિરૂદ્ધાચાર્યજી મહારાજનો "

૬ શ્રીમદ્ લાલજી શ્રી રણછોડલાલજી રાજનગરવાળાનો "

૭ ટીકૈત શ્રી ગોવર્ધનલાલજી મહારાજ શ્રી નાથદ્વારા "

સંવત ૧૯૬૫ નું પંચાંગ ૧૦૦ પ્રતના ૦—૮—૦ પોષ્ટેજ ૦—૧—૬

શા. દામોદર દેવદાસ.

વ્યવસ્થાપક વૈષ્ણવધર્મ પ્રકાશ.

પુનાદરા–પોષ્ટ આંતરસુંબા

પુષ્ટિસંપ્રદાયી ગ્રંથકારોને ખુશ ખબર.

કોઇપણ વૈષ્ણવ પુષ્ટિસંપ્રદાયી ગ્રંથ તૈયાર કરી તેમાં કોઇ પણ ગોસ્વામી બાળકનો ફોટો મુકવા ઇચ્છા રાખતા હશે તો તેઓ ફોટા તૈયાર કરાવતા પહેલાં અમોને લખી જણાવવા વિનંતી કરીએ છીએ. કે જેથી કરી બહોળા ખર્ચનો બચાવ થઇ મનપસંદ કામ મળશે.

વલ્લભીસંપ્રદાયી કોઇપણ બાળકનો ફોટો ઓર્ડર, મળેથી ઘણીજ ટુંકી મુદતમાં જોઇતા પ્રમાણમાં કિફાયત ભાવે તૈયાર કરી આપીશું જરૂર પ્રસંગે પત્રદ્વારા ખુલાસો કરવો.

શા. દામોદર રેવાદાસ.
વ્યવસ્થાપક વૈષ્ણવધર્મપ્રકાશ.
પુનાદરા-પોષ્ટ આનંદપુરા.